૨૫ ગુજ. [illegible] વિદ્યાપીઠે પાઠ્ય પુસ્તક તરીકે મંજુર કર્યા

ગુજરાતનો ઇતિહાસ.

કર્તા Reg. No. 2

[illegible]લાલ વ્રજલાલ પંડિત.

હેડમાસ્તર લોકલબોર્ડ સ્કુલ—મુ. અંબાડી

છપાવી વેચનાર

શ્રી સરસ્વતી બુક ડેપો.

ભાવસારવાડ—મુ. નડિઆદ.

20

આવૃત્તિ ૧ લી કીંમત [illegible]

ઈ. સ. ૧૯૨૪

ગ્રંથ સ્વામિત્વના સર્વ અધિકાર કર્તાને સ્વાધીન

શ્રી દેસાઈ પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ દેસાઈભાઈ હીરાચંદે છા.

ઠે. [illegible] લક્ષ્મીવિલાસ હોટલ સામે—અમ[illegible]

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૧૧૪૨૬

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૧૭૨૯ वर्गांक

पुस्तकनु नाम ગુજરાતનો ઇતિહાસ

विषय [illegible]

પ્રસ્તાવના.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતી કૉલેજ ફંડ

બાળકોને તેમની ભૂતકાળની જાહોજલાલીનો ખ્યાલ આપી, તેમનામા ઉત્સાહ પ્રેરવો કે જેથી તેમની ભવિષ્યની કીર્તિ ચળકતી નીવડે ભાગ નમ્રમત પ્રમાણે ઇતિહાસના શિક્ષણનો એ હેતુ છે અગર હોવો જોઇએ. એ હેતુ પાર પાડવામા ઉપયોગી થઇ પડે એવાજ ઇતિહાસના પુસ્તકો આવકારદાયક ગણાય.

કોઇ પણ દેશનો ઇતિહાસ એટલે તે દેશમા વસતી પ્રજાના સર્વ અંગોનો ઇતિહાસ અર્થાત્ તેમા પ્રજાની રાજકિય, ધાર્મિક, આર્થિક ને સામાજિક બાબતોનુ યથાસ્થિત વર્ણન હોવુ જોઇએ એથી કરી બાળકોના મગજ ઉપર બોજો વધારે પડશે એવી શકા કરવી એ ઇતિહાસ જેવા મહત્વના વિષયનો હેતુ પાર પાડવામા વિરોધ કરવા જેવુ છે એમ અનુભવથી સહજ સમજાશે

ઉપરના વિચારોથી પ્રેરાઇ, અનેક સાધનોની મદદથી ચાર વરસની લાબી મુદતે યથાશક્તિ આ ઇતિહાસ લખી શક્યો ને તે વિદ્યાપીઠની પુસ્તક–સમિતિ પાસે રજુ કીધો. સમિતિએ કેટલોક સુધારો સૂચવી પાઠ્ય પુસ્તક તરીકે મજુર કીધો એ બદલ એનો ઉપકાર માનવો ઘટે છે.

અંગાડી. પોષ ૧૯૮૦. } ગ્રથકર્તા.

સામાન્ય વર્ણન.

આપણે હિંદુસ્તાન દેશમા રહીએ છીએ. તેના જે ભાગમા ગુજરાતી ભાષા બોલાય છે તેનુ નામ ગુજરાત છે ગુજરાત પ્રાંત હિંદુસ્તાનની પશ્ચિમે દરિઆકાંઠે આવેલો છે. કુદરતી રચનાથી ગુજરાત પ્રાંત ઘણું સુંદર છે ને ભૂમિ રસાળ છે તેથી તે હિંદનો બગીચો ગણાય છે

ગુજરાતની ઉત્તર સીમા કચ્છના રણને મારવાડ સુધી છે દક્ષિણમાં થાણા જિલ્લો છે પૂર્વમા માળવા ને ખાનદેશ તથા પશ્ચિમમાં અરબી સમુદ્ર છે એની લંબાઇ ૨૦૦ ગાઉ ને પહોળાઇ ૧૨૦ ગાઉ છે.

દેશના મુખ્ય બે ભાગ છે એક ખંડસ્થ ભૂમિ ને બીજો કાઠિઆવાડ કચ્છની દરબારી ને સાહિત્યની ભાષા ગુજરાતી હોવાથી તે પણ ગુજરાતને એક ભાગ ગણાય છે ચરોતર, કાનમ, વાગડ, મેવાસ, પાલ, ચુંવાળ અને ભાલ વગેરે પ્રાચીન વિભાગો છે.

પાવાગઢ, ગીરનાર, શેત્રુંજય ને આબુ એ મોટા પર્વતો, સાબરમતી, મહી, નર્મદા ને તાપી એ મોટી નદીઓ, ડાકોર, દ્વારિકા, વડતાલ, આબુ, પાલીતાણા ને ઉદવાડા એ મોટા તીર્થો, અને આબુ તથા ડુમસ હવા ખાવાના સ્થળો છે

દેશમા બધી જાતની વનસ્પતિ ને અનાજ પાકે છે કાનમમાં કપાસ ને ચરોતરમાં તમાકુ તથા ભાલમા ઘઉં બહુ પાકે છે.

તળ ગુજરાતની વસ્તી આશરે એક કરોડ છે. એમાં ઘણો ભાગ હિંદુઓનો છે મુસલમાનોની વસ્તી આશરે ૧૦ લાખ ને પારસીઓની વસ્તી એક લાખની છે ગુજરાત બહાર હિંદુસ્તાનના બીજા ભાગોમાં ૧૫ લાખ ને દરિઆપારના દેશોમા આશરે ૨ લાખ ગુજરાતીઓ જઈ વસેલા છે હિંદુઓમાં બ્રાહ્મણ, વાણીઆ, પાટીદાર, જૈન વગેરે નાતો છે

લોકો સ્વભાવે શાંત, માયાળુ, ભોળા ને પૈસે ટકે સુખી છે તેમનો મુખ્ય ધંધો ખેતી ને વેપાર છે બ્રાહ્મણો શૈવ ને પાટીદાર તથા વાણીઆ વૈષ્ણવ ધર્મ પાળે છે વલ્લભી ને સ્વામીનારાયણ એવા વૈષ્ણવ ધર્મમા એ પંથ છે મુસલમાનો ઇસ્લામી ને પારસીઓ જરથોસ્ત ધર્મ પાળે છે.

રાજ્ય વહિવટ.

મુખી.

ગામનો મુખ્ય અધિકારી મુખી છે એ ગામનો બંદોબસ્ત રાખે છે, ને જમીન મહેસુલ ઉઘરાવે છે. તેને વરસે ૫૦ થી ૧૦૦ રૂપીઆ સુધી પગાર મળે છે. મુખીને મદદ કરનાર તલાટી છે. તે સરકારી દફતર લખવાનુ કામ કરે છે.

મામલતદાર.

સો કે તેથી ઓછાવત્તા ગામના જથા પાડી તેને તાલુકો નામ આપ્યુ છે બ્રિટિશ ગુજરાતમા એવા ૩૫ તાલુકા છે એના મુખ્ય અધિકારીને મામલતદાર કહે છે એમને મદદ કરવા અવલ કારકુન હોય છે. બધાં ગામોના મુખીઓ ને તલાટીઓ તેના હાથ નીચે કામ કરે છે એ આખા તાલુકાનુ મહેસુલ ભેગુ કરે છે ને લોકોને ન્યાય આપે છે. એ જગા પર દેશી માણસો નીમાય છે

કલેકટર.

પાંચ કે સાત તાલુકાના સમુહને જિલ્લો કહે છે બ્રિટિશ તાબાના ગુજરાતમા એવા પાચ જિલ્લા છે એના મુખ્ય અધિકારીને કલેકટર કહે છે. બધા મામલતદારોના કામ ઉપર એ દેખરેખ રાખે છે. કલેકટરો ને મદદ કરવા જરૂર પ્રમાણે આસિસ્ટંટ કલેકટરો ને ડેપ્યુટી કલેકટરો નીમાય છે. એ હોદ્દાઓ ઉપર હવે તો ઘણુ કરીને દેશીઓને કેટલીક વખત યુરોપિયનો નિમાય છે. કલેકટરો આખા જિલ્લાનુ મહેસુલ ભેગું કરે છે ને મામલતદારોએ આપેલા ચુકાદા ઉપર અપીલ સાંભળે છે

કમિશ્નર.

પાચે જિલ્લાના ઉપરી અમલદારને કમિશનર કહે છે. તે મુંબાઇ

સરકારના તાબામા રહી અમલ ચલાવે છે બધા કલેકટરોના કામ ઉપર અને પોલિસખાતા ઉપર એની દેખરેખ હોય છે એ આખા પ્રાંતનુ મહેસુલ ઉઘરાવે છે, કલેકટરોએ આપેલા ચુકાદા ઉપર અપીલ સાભળે છે જમીન મહેસુલ મુલતવી રાખવા કે માફ કરવાની સત્તા પણ તેને છે. આ હોદ્દા ઉપર ઘણુ કરી યુરોપિયન અને કેટલીક વખત દેશી માણસો નીમાય છે.

કમિશનર સાહેબની મુખ્ય કચેરી અમદાવાદમા છે અમદાવાદ ગુજરાતની રાજધાની ગણાય ને કમિશનર ગુજરાતનો મુખ્ય સુબો કહેવાય.

દેશી રાજ્યો.

ગુજરાતના મોટાના ભાગમા ઘણા દેશી રાજ્યો છે તેમા સાથી મોટુ વડોદરામા ગાયકવાડ સરકારનુ છે. કચ્છમા ત્યાના મહારાઓ રાજ્ય કરે છે કાઠીઆવાડમા ને ગુજરાતના ઉત્તર ભાગમા બીજા નાના રાજ્યો છે વહીવટ માટે સરકારે તેના ભાગ કરાવ્યા છે તેને એજન્સિ કહે છે. કાઠીઆવાડ પાલનપુર, મહીકાઠા રેવાકાઠા અને સુરત એ પાચ એજન્સિ આ છે બધા દેશી રાજ્યો ઉપર અગ્રેજ સરકાર ઓછીવત્તી દેખરેખ રાખે છે

પ્રાચીન રાજ્યો.

અગ્રેજ સરકાર પહેલા ગુજરાતમા પેશ્વા સરકારનો અમલ હતો તેમના પહેલા મુસલમાન પાદશાહો રાજ્ય કરતા એ પાદશાહોએ રજપૂત રાજાઓ પાસથી ગુજરાત જીતેલુ રજપૂત રાજાઓમા સાથી જુનુ રાજ્ય કાઠીઆવાડમા હતુ ત્યા શ્રીકૃષ્ણ રાજ્ય કરતા હતા માટે હવે આપણે શ્રીકૃષ્ણથી આપણા આ ભાગની શરૂઆત કરીશુ.

ગુજરાતનો ઇતિહાસ.

ભાગ ૧ લો.

વાર્તા ૧ ભગવાન શ્રીકૃષ્ણ.

ઘણા પ્રાચીન કાળમા આર્યલોકો ઉત્તર હિંદમાથી ગુજરાતમાં આવી વસ્યા તેઓ ખેતી કરતા અને દરીઆ કાંઠો પાસે હોવાથી વહાણો બાંધી પરદેશો સાથે વેપાર પણ ચલાવતા.

આ વખતે ગુજરાતની ઉત્તરનો ભાગ આનર્ત કાઠિઆવાડનો ભાગ સૌરાષ્ટ્ર અને મહીનદીની દક્ષિણનો ભાગ લાટ કહેવાતો.

એ વખતે મથુરાના પ્રદેશમાં યાદવ લોકો રહેતા એમના આગેવાન શ્રીકૃષ્ણ વીર પુરુષ ને પ્રજાનુ કલ્યાણ કરનાર હતા રાજગાદી પર તેમની માના કાકા ઉગ્રસેન હતા એ ઉગ્રસેનને કેદમા નાખી એમનો દીકરો કંસ રાજા થયો. એ અધર્મી હતો ને પ્રજાને બહુ રંજાડતો પ્રજાનું દુઃખ ટાળવા શ્રીકૃષ્ણે કંસને માર્યો. એથી ગુસ્સે થઇ કંસનો સાળો *જરાસંધ મથુરા પર ચડાઇઓ કરવા લાગ્યો પોતાને લીધે જરાસંધની ચડાઇઓથી પ્રજા દુઃખી થાય છે એમ જાણી શ્રીકૃષ્ણે એ પ્રદેશનો ત્યાગ કીધો

પછી પોતાની ટોળી સાથે શ્રીકૃષ્ણ સૌરાષ્ટ્રમા આવ્યા. ત્યા તેમણે દરિઆ કાંઠે દ્વારકા નગરી વસાવી આ વખતે ગુજરાતનો દરિઆઈ વેપાર

---

* એ મગધ (બિહાર) નો રાજા હતો

અહોળો હતો પરદેશી +ચાચીઓઓથી વેપારનુ રક્ષણ કરવા માટે લશ્કરી થાણા તરીકે પણ એ સ્થળ અગત્યનુ હતુ

શ્રીકૃષ્ણે દ્વારિકામા ઉગ્રસેનને નામે રાજ્ય કરવા માડ્યુ. એ વખતે આ નગરી ઘણી સુદર ને આબાદ હતી પરદેશો સાથે એનો વેપાર ધમધોકાર ચાલતો. રાજ્ય વહીવટ સારો હોવાથી પ્રજા સુખી હતી.

વાર્તા ૨.

એક વખત દિલ્હીનો રાજકુવર અર્જુન યાત્રાએ નીકળેલો તે સૌરાષ્ટ્રમા આવ્યો પ્રભાસ ને ગીરનારની યાત્રા કરી એ દ્વારિકા ગયો. શ્રીકૃષ્ણને એનીસાથે સગાઇનો સબધ હતો તેથી તેને ઘણુ માન આપ્યુ. એ ઘણો પરાક્રમી હોવાથી શ્રીકૃષ્ણે એની સાથે પોતાની બેન પરણાવી એ અર્જુન અને તેના બીજા ચાર ભાઇઓ પાડવ કહેવાતા

પાડવો પાસેથી એમના પીતરાઇ ભાઇ દુર્યોધને રાજપાટ લઇ લીધુ એ વખતે ગુજરાતમા વિરાટ રાજાનુ મોટુ રાજ્ય હતું. એની રાજધાની વિરાટનગરી (હાલના ધોળકા પાસે) હતી એ રાજાના દરબારમા પાડવો છુપાવશે એક વરસ રહ્યા

પછી તેઓ દિલ્હી ગયા. તેમણે દુર્યોધન પાસે અર્ધુ રાજ્ય માગ્યુ પણ તેણે ના આપ્યુ એ તકરારનુ સમાધાન કરવા પાડવોના આગ્રહથી શ્રીકૃષ્ણ દિલ્હી ગયા પણ દુર્યોધને માન્યુ નહિ તેથી પાડવોને લડાઈ કરવાની ફરજ પડી

એ વખતે શ્રીકૃષ્ણના ભાઈ બલરામ અને દ્વારકાનુ આખું રાજમડળ દુર્યોધનના પક્ષમા ગયુ પણ શ્રીકૃષ્ણને પાડવોનો પક્ષ સાચો લાગ્યો તેથી તેઓ પાડવોની મદદમા ગયા ત્યા યુદ્ધમા પોતાના ભાઇઓ

+ વહાણો લુટવાનો ધધો કરનારા માણસો

સામે લડવુ અયોગ્ય માની તેમણે હથિયાર નહિ ઝાલવાની પ્રતિજ્ઞા કરી ને અર્જુનનો રથ હાકવા માડયો

વાર્તા ૩ શ્રી ગીતાજી.

બને સેનાની વચ્ચે અર્જુને પોતાનો રથ થોભાવ્યો ત્યા પોતાની સામે પોતાના વડીલોને ઉભેલા જોઇ અર્જુનનુ હૃદય પીગળી ગયુ. તે શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો રાજલોભને માટે હુ આ મારા વડીલો ને ભાઇઓને હણવાનુ પાપ કરીશ નહિ એમનો નાશ કરી મેળવેલુ રાજ ભોગવવા મને ઇચ્છા નથી આમ કહી તેણે હથિયાર ફેકી દીધા

શ્રીકૃષ્ણે એને બોધ આપ્યો—તુ આમ બીકણુ થા નહિ યુદ્ધ કરવુ એ તારી ફરજ છે માટે મનનેદઢ કર આત્મા અમર છે એને કોઇ હણી શકતુ નથી—એ હણાતો નથી એક દેહમાથી બીજા દેહમા પ્રવેશ કરે છે માટે તારે એનો શોક કરવો નહિ. શ્રીકૃષ્ણે અર્જુનને દીધેલો આ બોધ ગીતાજીને નામે ઓળખાય છે હિંદુ લોકો એને ધર્મ પુસ્તક ગણે છે. આખી દુનિયામા એક ઉત્તમ પુસ્તક તરીકે એની ગણના થાય છે

પછી અર્જુને યુદ્ધ કર્યું એ યુદ્ધ ૧૮ દિવસ ચાલ્યુ એમા દુર્યોધન અને એનો પક્ષ નાશ પામ્યો પછી શ્રીકૃષ્ણ પાંડવોને ગાદીએ બેસાડી દ્વારિકા પાછા આવ્યા

વાર્તા ૪ યાદવાસ્થળી

યાદવોને દારૂનુ બુરૂ વ્યસન વળગ્યુ હતુ યાદવો રાજકાજમા આગળ પડતા હોવાથી એ વ્યશનને લીધે તેઓ સામાન્ય પ્રજાને ઘણી રંજાડના

એથી કરી શ્રી કૃષ્ણે દારૂ પીનાર માટે સખત્ત કાયદા બાધ્યા છતા તેનુ સારૂ પરિણામ ન આવ્યુ

એ વખતે પ્રભાસ પાટણ મોટુ તીર્થ ગણાતુ ઘણાં માણસો ત્યા યાત્રાએ જતા એક ગ્રહણને દિવસે શ્રીકૃષ્ણ વ્યસની યાદવોને લઇ ત્યા

યાત્રા કરવા ગયા પુષ્કળ દારૂ પીવાથી એ લોકો ત્યાં માહોમાહે લડયા એ લડાઇને યાદવા સ્થળી કહે છે એમા સઘળા યાદવો કપાઇ મુઆ. પાછળથી શ્રીકૃષ્ણે પણ સમાધિ લીધી શ્રીકૃષ્ણને હજી પણ હિંદુઓ ઇશ્વરનો અવતાર માની પૂજે છે. તેમના પછી દ્વારિકામાં રણછોડજીની મૂર્તિ સ્થપાઇ ને તે યાત્રાનુ ધામ બન્યુ છે.

વાર્તા ૫ મી મહારાજા અશોક.

યાદવ રાજ્યના નાશ પછી આ દેશ પર લાબી મુદત સુધી કોનો અમલ રહ્યો, એ જાણવામા આવ્યું નથી પાછળના વખતમા અશોક નામે એક પ્રસિદ્ધ રાજા થઈ ગયો

અશોકની સત્તા આખા હિંદ ઉપર હતી તે બૌદ્ધધર્મ પાળતો. એના જેવો દયાળુ, નીતિવાળો અને પ્રજાનુ કલ્યાણ કરનારો રાજા હજી સુધી બીજો કાઇ થયો નથી પ્રજાના સુખને માટે તેણે પુષ્કળ વાવ તળાવ, કુવા, ધર્મશાળા ને દવાખાના બધાવ્યા હતા લોકાને નીતિનો સામાન્ય ઉપદેશ આપવા તેણે ખડકો ડુંગરો ને પત્થરના થાભલા ઉપર જુદી જુદી ભાષામા લેખો કોતરાવ્યા હતા એમાનો એક લેખ હજી પણ ગીરનાર પર્વત ઉપર હયાત છે

વાર્તા ૬ ઠી સુદર્શન સરોવર.

મહારાજા અશોકના દાદાના અમલમા તેમના સુબાએ ગીરનાર પાસે સુદર્શન નામે સુદર તળાવ બધાવ્યુ હતુ લોકાને પાણીની સગવડ મળે એટલા માટે આ સરોવર બાધ્યુ હતુ તે ઘણુ મોટુ હતુ. ગીરનાર પર્વતમાથી નીકળતી બે નદીઓમા મોટા બધો બાધી તેના પાણી એ સરાવરમા વાળી લીધા હતા

મહારાજા અશોકે એ સરોવરને સારી રીતે શણગાર્યુ હતુ ખેતરોમા પાણી પુરુ પાડવા તેમાથી મોટી મોટી નહેરો ખોદી હતી એક વખત

માગશર મહીનામા પુષ્કળ વરસાદ થયો તેથી ઉપર કહેલી નદીઓમાં ભારે રેલ આવી અધુરામા પુરૂ વળી વાવાઝોડુ થયુ તેથી પાણી હાલકડોલક થવા માડયુ ને આખરે બધમા ૪૨૦ હાથ લાબુ અને ૭૫ હાથ ઉચુ ગાબડુ પડયુ એથી કરી તળાવનુ તમામ પાણી નીકળી* ગયું. જુનાગઢની પાસે હજી સુધી આ સરોવરની નીશાનીઓ કાયમ છે.

વાર્તા ૭ લોકોની સ્થિતિ.

એ વખતે પ્રજામા વૈદિક ને બૌદ્ધધર્મ ચાલતા હતા જીવહિંસા ન કરવી અને સાધુ બની પવિત્ર જીવન ગાળવુ એ બે બૌદ્ધધર્મના મુખ્ય સિદ્ધાત હોવાથી પ્રજાના વલણમા મોટો ફેરફાર થયો એથી કરી પ્રજાની નીતિ ઉચા પ્રકારની બની

વેપાર ઉપરાત ધર્મ પ્રચારને લીધે આ વખતે ગુજરાતનો સબધ પરદેશો સાથે ઘણો વધ્યો દ્વારિકા ને પ્રભાસ બદરોએથી માલ ભરી અહીના વહાણો પૂર્વમા લકા, બ્રહ્મદેશ, ચીન, જાવા અને પશ્ચિમમાં મિસર, બાબીલન અને ગ્રીસ સુધી જતા રોમન શહેનશાહના દરબારમાં ભરૂચનો એક ગુજરાતી–પોરસ રાજાના એલચી તરીકે રહેતો હતો,× એમ ઇતિહાસ ઉપરથી જણાઇ આવે છે

વાર્તા ૮ બીજા રાજાઓ

મહારાજા અશોક પછી પરદેશી લોકો આ દેશમા આવી વસવા લાગ્યા તેઓ આપણો ધર્મ, આપણી ભાષા અને આપણા રીતરિવાજ ગ્રહણ કરી ધીમે ધીમે આપણામા ભળી ગયા એમની રાજધાની સિહોરમા હતી એ રાજાઓમા રૂદ્રદામન્ નામનો એક મહા પ્રતાપી રાજા થઈ ગયો એના હજારો સિક્કા અને લેખો કચ્છ–કાઠિઆવાડમાથી મળી આવ્યા છે આ રાજાના અમલમાજ પાછુ ઘમેલુ સુદર્શન સરોવર તૂટયુ

* 'ગુજરાતી' ની સાહિત્યપૂર્તિ (૨૬–૨–૨૨)

× 'ગુજરાતી પચ' તા ૨૫–૯–૨૧

શક રાજાઓ પાસેથી ગુપ્ત રાજાઓએ ગુજરાત જીત્યુ. એમા સમુદ્ર-ગુપ્ત નામે એક મોટો રાજા થઇ ગયો. આ રાજાઓમાના કેટલાક વૈદિક ને કેટલાક બૌદ્ધધર્મ પાળતા. એમના અમલમા લોકો સુખી હતા.

વાર્તા ૯ એ વખતની કારીગરી ને સ્થિતિ.

એ રાજાઓના અમલમા ચીનથી પુષ્કળ રેશમ અહી આવતુ, અને અહીથી રેશમી ને સુતરાઉ કાપડ મોટા જથામા પરદેશ જતુ. અહીના કારીગરો રેશમનુ એવુ તો બારીક કાપડ વણતા કે તે પહેર્યા છતા શરીર ઉઘાડુ દેખાતુ ' એથી કરી રોમના એક શહેનશાહે તો કાયદો કરી એવા કપડા પહેરવાની પોતાની પ્રજાને મના કરી હતી એ વખતે મિસર ને રોમમાથી વેપારને અગે અહી એટલુ બધુ નાણુ ધમધોધ આવતુ કે તેથી કરીને પોતાનો દેશ ગરીબ બની જશે એમ માની એક વખત રોમનો મોટી ચિતામા પડયા હતા *

વાર્તા ૧૦ ભટ્ટાર્ક ગુર્જર.

ગુપ્ત રાજાઓની પછી સખ્યાબધ ગુર્જરલોકો ગુજરાતમા આવી વસ્યા પજાબમાથી કનકસેન નામે રાજા સવત ૨૦૦ મા ગુજરાતમાં આવ્યા ને વડનગર[1] વસાવી ત્યા રાજ્ય કરવા લાગ્યા એ કનકસેનના

---

* ' ગુજરાતી પચ તા ૨૫-૯-૨૧

૧ કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે વડનગર તે પહેલા પણ આબાદ હતુ પણ મારા માનવા પ્રમાણે હાલનુ વડનગર એટલુ બધુ પ્રાચીન ગણાય નહિ એની પાસે પહેલા આનર્તપુરી નામે નગરી હતી. એ ભાગ્યા પછી એની પાસેજ કનકસેને વડનગર વસાવ્યુ હશે એ નગરમાં રહેતા બ્રાહ્મણો તે નાગર સવત ૪૨૪ મા યવનોએ એ શહેર પર હલ્લો કર્યો ત્યારે નાગરોએ તેમને હરાવ્યા હતા ત્યાર પછી સવત ૧૨૭૨ માં અલાઉદ્દીન ઘોરીએ વડનગર ભાગેલુ તે પહેલા નાગરો ત્યાથી પાટણ, જુનાગઢ ને ઇડર તરફ જઈ વસેલા ઘોરી શાહના હલ્લા પછી વસેલુ વડનગર હજી કાયમ છે ગ્રંથકર્તા

૧૧૪૨૯

વ શમા વિજયસેન નામે રાજા થયો એણે વલભિપુર વસાવી ત્યાં રાજધાની કરી સવત ૫૬૫ આ વિજયસેનનુ બીજુ નામ ભટ્ટાર્ક ગુર્જર હતુ *

આ વખતે વલભી ઉપરાત બીજાં બે ગુર્જર રાજ્યો પણ સ્થપાયાં હતા તેમાનુ એક ઉત્તરમા હતુ અને તેની રાજધાની ભિન્માલ હતી ગુજરાતનો ઉત્તર ભાગ આ રાજ્યને તાબે હતો બીજુ ગુર્જર રાજ્ય દક્ષિણમા હતુ તેની રાજધાની ભરૂચમા હતી આ બેઉ રાજ્યની વચ્ચેના પ્રદેશ ઉપર વલભી રાજાઓનો અમલ હતો એ વંશમા ૨૦ રાજાઓ થયા તેમાના ઘણા ખરા વૈદિક ધર્મ પાળતા હતા એમના સિક્કા હજી મળી આવે છે તે ઉપર નદીનુ ચિત્ર છે છેલ્લા સાત રાજા શિલાદિત્યના નામથી ઓળખાતા હતા ઉપર પ્રમાણે ત્રણ ગુર્જર રાજ્યો સ્થાપન થવાથી ઉત્તર ને મધ્ય હિન્દમાથી ઘણા ગુર્જરલોકો અહી આવી વસ્યા હશે એ લોકોના નામ ઉપરથીજ આપણા દેશનુ નામ ગુજરાત પડ્યુ.

વાર્તા ૧૧ વલ્લભિપુર

વલ્લભિનગર ઘણુ આબાદ હતુ એ શહેર હાલના ભાવનગરની ઉત્તરમા હતુ. એની આજુ બાજુ મજબુત કિલ્લો ને ખાઇ હતા. એનો ઘેરાવો પાચ મૈલથી વધારે હતો એમા દ્રવ્ય અઢળક હતુ તેમા સો ઉપરાત કરોડપતિઓ વસતા હતા વેપારને અગે રોજ લાખો રૂપીઆની ઉથલપાથલ થતી બૌદ્ધ સાધુઓના ૧૦૦ મઠ હતા તેમા ૭ હજાર સાધુઓ રહેતા હતા નગરની મધ્યમા અચલેશ્વર મહાદેવનુ મોટુ દેવસ્થાન હતુ એ ઘણુ ભવ્ય હતુ રાજા દરરોજ ત્યા બે વખત શિવના

* કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે ભટ્ટાર્ક ગુર્જર છેલ્લા ગુપ્ત રાજા સ્કદગુપ્તનો સુબો હતો પાછળથી વથળીમા તે સ્વતત્રપણે અમલ કરવા લાગ્યો ત્યાર પછી તેણે વિજયપુર, વિદર્ભ ને વલ્લભીપુર એ ત્રણ શહેરો વસાવ્યા ગ્રંથકર્તા

દર્શન કરવા જતો એ સિવાય જૈન અને બીજા ધર્મના મંદિરો પણ પુષ્કળ હતાં રાજાનો અમલ સારો હોવાથી લોકો સર્વ વાતે સુખી હતા.

વાર્તા ૧૨ કર્મચંડાળ કાકુ.

વલ્લભિનગરમા કાકુ નામનો એક મારવાડી રહેતો હતો પ્રથમ તો એ બહુ કંગાલ હતો પણ આ દેશમા આવ્યા પછી વેપાર કરી એણે ઘણુ દ્રવ્ય ભેગુ કીધુ એની દીકરી પાસે એક સોનાની રત્નજડિત કાસકી હતી રાજા શિલાદિત્યે પોતાની દીકરી માટે માગી પણ કાકુએ તે આપી નહિ તેથી રાજાએ બળાત્કારે એ લઇ લીધી. એથી ગુસ્સે થઇ કાકુ સિંધમા ગયો ને ત્યાના રાજાને પુષ્કળ દ્રવ્ય આપવાનુ કબુલ કરી વલ્લભીનગર પર ચડાઇ કરાવી એણે રાજાનો ને નગરનો નાશ કર્યો સંવત ૮૨૧ અરબ રાજાએ પાછળથી કાકુનો પણ નાશ કીધો। શિલાદિત્યના વંશજો હજી પણ મેવાડ, ભાવનગર ને નાંદોદમા રાજ કરે છે તેઓ ગોહિલ રજપૂતો કહેવાય છે.

વાર્તા ૧૩ જાવા ઉપર ચઢાઇ.

આપણે પાછળ જોયુ તેમ આપણા દેશના ઘણા લોકો વેપાર માટે પરદેશમા જઇને રહેતા હતા પરંતુ ગુજરાત બહાર ગુજરાતના તાબાનો મુલક નહિ હોવાથી તેઓ ત્યા સ્વતંત્રપણે રહી શકતા નહિ આ બાબત તરફ પ્રથમ (ઇ સ ૭૫) ગુજરાતના અજીશક નામે એક રાજકુવરનુ ધ્યાન ખેંચાયુ હતુ તેણે જાવા ઉપર ચડાઇ કરી હતી પણ ત્યા રોગ ચાલવાથી તેને પાછુ ફરવુ પડયુ હતુ

ત્યારપછી લાંબી મુદ્દતે ગુજરાતનો એક રાજકુંવર ૫૦૦૦ માણસનુ સૈન્ય લઇ જાવા ઉપર ચઢયો ને ને જીતી લીધુ એ વખતથી જાવા ગુજરાતનુ નસ્થાન બન્યુ ઘણા ગુજરાતીઓ પછી વેપાર ધંધા માટે ત્યા જઇ વસ્યા હજીએ આપણામા કહેવત ચાલે છે કે—

જાવે જે કો નર મંગો, નાવે મંદિર માય,
જાય રળી જાવા થકી, પરીઆ પરીઆ ખાય

વાર્તા ૧૪. ધર્મ અને વિદ્યા

આ વખતે ગુજરાતમા બાૈદ્ધ અને જૈન ધર્મનુ જોર બહુ હતુ. બૌદ્ધ ધર્મને હાકી કાઢી જૈનો જોરાવર બન્યા હતા રાજ્યકારભારમા પણ તેઓજ આગેવાન હતા વૈદિક ધર્મના મહાન આચાર્ય શ્રી શંકરસ્વામી પણ આ અરસામા થયા એમણે લોકોને ઉપદેશ કરી વૈદિક ધર્મ જોર પર આણ્યો એના રક્ષણ માટે એમણે દ્વારિકામા શારદાપીઠ (મુખ્ય ગાદી) સ્થાપી હજી સુધી એ કાયમ છે

આ રાજાઓ દાનધર્મ કરવામા ઘણા ઉદાર હતા વળી તેઓ શિવના ભક્ત હતા તેમણે સોમનાથનુ પ્રસિદ્ધ દેવળ બંધાવ્યુ હતુ

વિદ્યા અને વેપારનો પણ આ રાજાઓના વખતમા સારો વધારો થયો. વલ્લભી નગરમા જૈન વિદ્વાનોની એક મોટી સભા મળી હતી એ રાજાઓના આશ્રયથી ભટ્ટિ કવિએ રાવણવધ નામે કાવ્ય રચ્યુ વળી મહાકવિ માઘે શિશુપાલવધ નામે મહાકાવ્ય રચી ગુજરાતની કિર્તિ વધારી.

ભાગ ૨ જો.

વાર્તા ૧ ચાવડા રજપુતો

વલ્લભિ રાજ્યના વખતમા ગુજરાતમા * બીજા નાના રાજય પણ હતાં તેમા પચાસરનુ મુખ્ય હતુ પચાસર નગર કચ્છના રણને કાંઠે હતુ એમા ચાવડા રજપૂતો રાજ્ય કરતા હતા એ લોકો પ્રથમ સૌરાષ્ટ્રને કાંઠે રહી વહાણો લુટવાનો ધધો કરતા. પણ પાછળથી તેમને એ ધધો છોડવો પડયો એટલે તેઓ પચાસર નગર વસાવી ત્યા રાજ્ય કરવા લાગ્યા

ઈ સ ૬૯૬ મા ત્યા જયશિખરી નામે રાજા રાજ્ય કરતો હતો એ વિદ્યાનો ઘણો શોખીન હોવાથી તેના દરબારમા ઘણા વિદ્વાનો રહેતા એ વિદ્વાનોમા શકર કવિ મુખ્ય હતો તે હમેશા રાજાને બોધ આપતો ને પ્રજાના સુખદુ ખ જાહેર કરતો

વાર્તા ૨. શંકર કવિ

એક વખત શકર કવિ વિજય યાત્રા કરવા નીકળ્યો તે કનોજ દેશમાં જઈ ચડયો ત્યા ભુવડ નામનો ચાલુકય રાજા રાજ્ય કરતો હતો. એની પાસે ઘણા વિદ્વાનો હતા તેમા કામ રાજકવિ મુખ્ય ગણાતો

ભુવડના દરબારના વિદ્વાનો સાથે વાદ કરી શકર કવિએ જીત મેળવી. શકર કવિની વિદ્યા ને ચાતુરીથી ભુવડ રાજાને તેના સામતો પ્રસન્ન થયા તેમણે શકરને ભારે શિરપાવ આપ્યો રાજાએ તેને પૂછ્યુ કે તમે કોણ છો ને કયાથી આવો છો ? શકરે કહ્યુ હુ ગુજરાત દેશથી આવ્યો છું, અમારો દેશ આખી પૃથ્વીમા શ્રેષ્ઠ છે અમારી ભૂમિ રસાળ

---

* વડનગર ને ભરૂચમા ગુર્જર, ખેડાને નવસારીમા ચાલુકય, સૌરાષ્ટ્રમા જેઠવા, પંચાસરમા ચાવડા, ને ગોધરાની આસપાસ મહીયડ રાજ્ય હતા.

ને જુદીજુદી જાતની વનસ્પતિ, નદીઓ ને સરોવરથી શોભી રહી છે. અમારા દેશમા ધનના ઢગલા છે ને મનુષ્યો ઉદાર છે અમારો રાજા ઘણો પરાક્રમી ને રાણી સદ્દગુણી છે એમનો વૈભવ અપાર છે.

વાર્તા ૩. પંચાસરનું યુદ્ધ.

શંકર કવિને મોઢે ગુજરાતના વખાણ સાભળી ભુવડે એ દેશ જીતી લેવા ઠરાવ કર્યો તેણે પોતાના સરદાર મિહિરને લશ્કર આપી મોકલ્યો. પણ જયશિખરીના શાળા સુરપાળે એને હરાવી પાછો કાઢયો

પછી મોટી સેના સાથે ભુવડ પોતે ગુજરાત જીતવા આવ્યો તેણે પંચાસરને ઘેરો ઘાલ્યો પચાસર સપાટ જમીનપર હોવાથી તેનુ રક્ષણ કરવું મુશ્કેલ હતું ઘેરો પર દિવસ ચાલ્યો. ઘણી વખત યુદ્ધ થયુ પણ તેમા ભુવડની જીત થઇ નહિ છેવટે તેણે રાજાના સાળા સુરપાળને ફોડવા યુક્તિ કરી પણ તે નકામી ગઈ. જયશિખરીને લાગ્યુ કે હવે આપણી જીત થશે નહિ તેથી તેણે રાણી રૂપસુદરીને તેના ભાઈ સુરપાળ સાથે વનમા મોકલી કારણ કે તે બ જીવવાળી હતી,

પછી ત્રણ દિવસ ભારે યુદ્ધ જામ્યુ તેમા ઘણું પરાક્રમ બતાવી ગુર્જર રાજા મરણ પામ્યો આમ ગુજરાત ઉપર જીત મેળવી ભુવડ પોતાને દેશ ગયો. જતી વખત અમલ કરવા અહીં એક સુબો મૂકતો ગયો.

વાર્તા ૪. ભીલોની રાજ્યભક્તિ

ગુર્જર મહારાણીને વગડામાં આવેલી જાણી ત્યા રહેતા ભીલ લોકો ભેગા થયા તેમણે પોતાના જાન માલના ભોગે પણ મહારાણીની સેવા કરવાનો ઠરાવ કર્યો. ભુવડના માણસો મહારાણીને પકડવા બધે ફરતા હતાં પણ ભીલોએ મહા દુઃખ વેઠી તેને બચાવી

વૈશાખ સુદ ૧૫ ના દિવસે મહારાણી રૂપસુંદરીને એક કુંવર જન્મ્યો. તેથી આખી ભીલ પ્રજાએ આનંદ પામી ભારે ઉત્સવ કર્યો કુવરનો

જન્મ વનમા થવાથી તેનુ નામ વનરાજ પાડયું ગુજરાતનો બાલ મહારાજા ઝાડે બાંધેલી ઝોળીમા હીંચતો ને ભીલડીઓના હાથમા રમતો ! એને ઉછેરતાં મહારાણીને જે દુઃખ પડયુ તે કહ્યું જાય એમ નથી એક વખત એક જૈન સાધુના જોવામા રાણી આવી. તેણે તેને ઓળખી તે ઘણા માનથી રાણીને પોતાની સાથે અપાસરામા તેડી ગયો વનરાજ ત્યા ઉછરી મોટો થયો

વાર્તા ૫ સોલંકી સત્તાનો નાશ

રૂપસુન્દરીને વનમા મુકી પાછા વળતા જયશિખરીના મરણની ખબર સુરપાળને મળી તેથી તે ગિરનાર તરફ ચાલ્યો

આ વખતે ભુવડની ફોજ લોકોને બહુ ત્રાસ આપતી હતી સુરપાળ લોકોને ઉશ્કેરી દુશ્મનોને હાંકી કાઢવાની ઝુબેશ ઉપાડી રહ્યો સુબાએ તેને પકડવા લાખ રૂપીઆનુ ઈનામ કાઢયુ પણ તેથી એક પણ ગુજરાતી લલચાયો નહિ ! આ વખતે વનરાજ મોટો થયો એટલે સુરપાળને આવી મળ્યો. ધીમે ધીમે એમની પાસે માણસો વધ્યા. પ્રજાએ પણ જોઇતી મદદ આપી આમ વનરાજનુ બળ વધવા માડયુ તે ભુવડના માણસોને અનેક રીતે હેરાન કરતો

ભુવડે ગુજરાતની ઉપજ પોતાની દીકરીને આપી હતી એક વખત તેનાં માણસ અહીથી પુષ્કળ દ્રવ્ય ને ઘોડા લઇ જતા હતા વનરાજે તે સઘળુ પડાવી લીધુ એ દ્રવ્ય વડે પછી એણે સરસ્વતીને કિનારે નવુ શહેર વસાવ્યુ સવત ૮૦૨ એની આસપાસ માટીનો કિલ્લો પણ બંધાવ્યો, ને ત્યા પોતાની રાજગાદી રાખી

વાર્તા ૬ ચાંપો શેઠ

વનરાજ બહારવટુ કરતો હતો ત્યારે એક વખત એને વગડામાં ચાંપો નામે એક વાણીઓ મળ્યો એ ચાંપો ઘીનુ કુલ્લુ લઇ વેચવા

જતો હતો. વનરાજ અને તેના બે સાથીઓએ ચાપાને રોક્યો, ચાપો તેમનો વિચાર સમજી ગયો, એ ઘણો બહાદુર ને બાણ વિદ્યામા કુશળ હતો પોતાની પાસે પાચ બાણ હતા તેમાથી બે બાણ ભાગી નાખી કામઠુ ચડાવી તે વનરાજ સામો થયો

વનરાજે નવાઈ પામી તેને બે તીર ભાગી નાખવાનુ કારણ પૂછ્યુ ચાપાએ કહ્યુ તમે ત્રણ છો ને બાણ પાચ હતા માટે વધારાના બે બાણ ભાગી નાખ્યા. હું એકેક બાણથી તમને ત્રણેને મારીશ પછી તેણે વનરાજને નિશાન તાકવાની કળા બતાવી એથી ખુશી થઇ વનરાજે એને પોતાનો મિત્ર ગણ્યો આ ચાપાએ પાછળથી ચાપાનેર શહેર વસાવ્યુ

વાર્તા ૭ વનરાજનો વિવેક

અણહીલ નામના ભરવાડે વનરાજને મારી મદદ કરી હતી તેથી એનુ નામ કાયમ રાખવા વનરાજે પોતાના શહેરનુ નામ અણહીલપુર પાટણ પાડ્યુ. શ્રીદેવી નામની એક સ્ત્રીએ એને ભાઇ કહી જમાડયો હતો તેથી ગાદીએ બેસતા એની પાસે રાજતિલક કરાવ્યુ અને પાછળ કહેલા ચાપાને પોતાનો પ્રધાન નીમ્યો પોતાના વૃદ્ધ માનાને શીલગુણસૂરિને પણ તેણે ઘણા માનથી પાટણમા બોલાવ્યા

વનરાજ ૫૦ વરસની ઉમ્મરે ગાદીએ બેઠા ને ૬૦ વરસ રાજ્ય કરી સવત ૮૬૨ મા દેવ થયો પાટણમા હજી પણ એની પત્થરની મૂર્તિ કાયમ છે.

- વાર્તા ૮ યોગરાજનો અમલ.

વનરાજ પછી તેનો પુત્ર યોગરાજ ગાદીએ બેઠો તે શૂરો ને વિદ્વાન હતો.

એના અમલમા પ્રભાસ પાટણ બદરે કેટલાક પરદેશી વહાણ આવ્યા હતાં, રાજકુવર ક્ષેમરાજે તે લૂટી લીધા. તેથી યોગરાજે તેને ઠપકો આપી

કહ્યુ, ગુજરાતના રાજાઓ ચોર છે એમ પરદેશમા આપણી વાત થાય છે એ કલક ટાળવા હું મહેનત કરતો હતો પણ તે ઉપર આજે તે પાણી ફેરવ્યુ આ બનાવની યોગરાજના મન પર એટલી બધી લાગણી થઈ કે પાછળથી તે જીવતો બળી મુઓ (ઇ સ ૯૯૨)

ઉત્તરના ગુર્જર રાજા પાસેથી ઘણો મુલક જીતી આ રાજાએ પોતાનુ રાજ્ય વધાર્યું હતુ વળી ઉત્તમ રાજ્ય વ્યવસ્થા અને પ્રમાણિકપણે ન્યાય આપી એણે પ્રજાને સુખી કરી હતી આના જેવા ન્યાયી રાજા બહુ થોડા થયા હશે

વાર્તા ૯ વ્યસનનું પરિણામ

ચાવડા વશનો છેલ્લો રાજા સામતસિહ હતો એ ઓછી બુદ્ધિનો અને દારૂડીઓ હતો એક વખત એણે દારૂની કેફમા પોતાનુ રાજ પોતાના ભાણેજ મુળરાજને લખી આપ્યુ પછી કેફ ઉતરી ગયા પછી પાછુ માગ્યુ ! મૂળરાજ ત્યા ઉછર્યો હતો ને દરબારમા સારી લાગવગ ધરાવતો હતો તેથી એને ગાદી છોડવી ગમી નહિ પોતાના પક્ષના માણસોની મદદથી તેણે સામતસિહને મારી નાખ્યો વળી પાછળથી ગાદી માટે કોઇ તકરાર ઉઠાવે નહિ માટે તેણે આખા મોસાળ પક્ષનો નાશ કીધો

આ ચાવડા રાજાઓનો વશ હજી ચાલુ છે મહીકાઠામા આવેલા માણસા તાલુકામા હજી તેઓ રાજ્ય કરે છે

વાર્તા ૧૦ પારસી લોકોનું આવવું.

આ અરસામાજ પારસી લોકો ગુજરાતમા આવી વસ્યા એમનુ મૂળ રહેઠાણ ઈરાન દેશમા હતું જ્યારે મુસલમાનોએ એ દેશ જીત્યો ત્યારે ત્યાના લોકો પોતાના ધર્મના રક્ષણ માટે મોટી ચિતામા પડયા વેપારને અગે તેઓ ઘણી વખત આપણા દેશમા આવેલા હોવાથી અહીની

રાજ્ય વ્યવસ્થા ને પ્રજાની સ્થિતિથી તેઓ સારા માહીતગાર હતા. એથી ફરી કેટનાક ધર્મચુસ્ત મ ણુસો પોતાનો પવિત્ર અગ્નિ લઈ વહાણુમાં બેસી અહી આવવા નીકળી પડયા

પ્રથમ તેઓ દીવ બ દરે ઉતર્યાં ઇ સ. ૬૯૭ પણ ત્યા ન ફાવ્યુ તેથી તેઓ સ જાણુ બ દરે ગયા એ વખને સ જાણુમા જાદે રાણો રાજ્ય કરતો હતો પારસી લોકોએ રાણાને પોનાના દુ ખની હકીકત કહી તેથી ગણુાએ તેમને પોતાના રાજ્યમા રહેવાનાં રજા આપી પણ તેમની પાસે એવી સરત કરાવી કે તેમણે હિ દુ રીત રિવાજે પાળવા ગુજરાતી ભાષા બોલવી અને પારસી સ્ત્રીઓ ગુજરાની મૈરાના જેવો પોશાક પહેરે.

વાર્તા ૧૧ એ સમયની સ્થીતી

આ રાજાઓના અમલમા સિધમાથી મેર અને ચુડાસમા લોકો સૌરાષ્ટ્રમા આવી વસ્યા આ ચુડાસમાઓએ ત્યા રાજ્ય સ્થાપ્યુ એમની રાજધાની વ થળીમા હતી

શરૂઆતના ૫૦ વરસ તો લોકોએ ભારે સ કટમા ગુજાર્યાં પણ પાછળથી તેમને સુખ મળ્યુ વૈદિક ને જૈન ધર્મ સલાહ સ પથી ચાલતા હતા પણ જૈન ધર્મનુ જોર વધારે હતુ રાજ કારભાર ચલાવનાર જૈનોજ હતા પ્રજામા વિદ્યા કળા ખીલવા માડયા હતા લડાયક જુસ્સો પણ જાગૃત થયો હતો સમુદ્ર કાંઠે વસ્તી વધારે હતી દરિઆઇ વેપાર બસરાને મિસર સાથે ધમધોકાર ચાલતો હતો સૌરાષ્ટ્રને કિનારે ચાંચીઆ લોકોનો ત્રાસ ઘણો વધી ગયો હતો તેઓ રાતા સમુદ્ર સુધી લૂટફાટ કરતા હતા એક વખત તો તૈગ્રિસ નદી ઉપરના ખલીફના પાટનગર સુધી જઇ પહોચ્યા હતા !

વાર્તા ૧૨ મૂળરાજનો જન્મ

કનોજના રાજાને ત્રણ દીકરા હતા તેઓ એક વખત સોમનાથની યાત્રાએ આવ્યા હતા પાછા ફરતા તેઓ પાટણના દરબારમા ગયા તેમાનો વચલો બીજ અશ્વ વિદ્યામા નિપુણ હતો એક વખત પાટણમા એવો બનાવ બન્યા કે રાજાનો ચાકર ઘોડીને પાણી પીવા લઇ જતો હતો. રસ્તામા તેણે ઘોડીને ચાબુક મારી એ જોઇ બીજ બોલ્યો – ભલા માણસ! આ ચાબુક વાગવાથી ઘોડીના પેટમા પંચ કલ્યાણી વછેરા છે તેની આખ ફુટી ગઇ. ચાકરે એ વાત રાજાને કહી જ્યારે ઘોડીને પ્રસવ થયો ત્યારે તપાસ કરતાં એ વાત ખરી ઠરી એથી રાજી થઇ સામતસિંહે પોતાની બેન લીલાવતી તેની સાથે પરણાવવા કહ્યુ પણ તેણે ના પાડવાથી તેના મોટાભાઈ રાજ સાથે પરણાવી.

લીલાવતી ગર્ભવતી હતી એવામા મરણ પામી તેથી શસ્ત્રવૈદોએ તેનુ પેટ ચીરી અંદરથી બાળક જીવતો કાઢી લીધો એ બાળક તેજ મૂળરાજ

વાર્તા ૧૩ પાટણ ઉપર ચડાઇ.

મૂળરાજ વગર હક્કે ગાદીએ બેઠો તેથી દરબારમા ભારે ખટપટ થઈ. એ તકનો લાભ લઇ અજમેરના રાજાએ અને તૈલંગણના સરદારે પાટણ ઉપર ચડાઈ કરી બેઉ ચડાઇઓ એકજ વખતે થવાથી મૂળરાજ પ્રથમ તો કંથકોટના કિલ્લામા ભરાયો પણ પાછળથી તે હિંમત રાખી અજમેરના રાજાના તંબુમા ગયો ને તેને કહ્યુ, તમારી સાથે યુદ્ધ કરવા હું ઘણો ખુશી છુ પણ તૈલંગણના સરદારને હરાવી હુ પાછો આવુ ત્યા સુધી આપ થોભો તો સારૂ

મૂળરાજના આ સાહસથી પ્રસન્ન થઈ અજમેરનો રાજા બોલ્યોઃ તમે કંઈ પણ હથિઆર વિના મારી પાસે આવ્યા એ તમારા સાહસને

ધન્ય છે! તમારા જેવા રાજા સાથે મિત્રાચારી રાખવી ઘટે છે આમ કહી તે પોતાના દેશ પાછો જતો રહ્યો. પછી મુળરાજે તૈલગણના સરદારને યુદ્ધમા હરાવી પાછો કાઢયો.

વાર્તા ૧૪ ધર્મ યુદ્ધ.

ચાવડા રાજાઓના અમલમા રાજ વહીવટ જૈન લોકોના હાથમા હતો એમના ઉપર અંકુશ રાખવા મૂળરાજે નાગરોની સત્તા વધારી નાગરોએ શૈવ ધર્મને ઉત્તેજન આપ્યુ એ વખતથી સોમનાથ મહાદેવની ખ્યાતિ વધી મુળરાજ શિવનો મોટો ભક્ત હતો

એ વખતે વથળીનો ચુડાસમો રાજા ગ્રહરિપુ સોમનાથની જાત્રાએ જનારને ઘણો હેરાન કરતો એ કારણથી મૂળરાજે મોટી સેના સાથે ગ્રહરિપુ ઉપર ચડાઇ કરી

મુળરાજ આવ્યાની વાત જાણી ગ્રહરિપુનો દૂત તેમની પાસે આવી બોલ્યો આપ મળવા આવ્યા છો? અમારો રાજા તમને પીડતો હોય તેનુ સમાધાન કરવા આવ્યા છો? કે યાત્રા માટે આવ્યા છો?

મુળરાજે કહ્યુ પ્રજાને પીડા થશે, ધર્મનો નાશ થશે ત્યારે મારા બાહુ શા કામના? તારા રાજા જેવા દુષ્ટ માણસ સાથે મારાથી મૈત્રી કેમ થાય? એનો તો સંહારજ ઘટે જા, તેને યુદ્ધની ખબર આપ પછી મૂળરાજે શંખનાદ કર્યો બને વચ્ચે ભારે યુદ્ધ થયુ એમા ગ્રહરિપુ કેદ પકડાયો ને તેનો મિત્ર કચ્છનો લાખો રાજા માર્યો ગયો. પછી ત્યાં પોતાનો સુબો મુકી, સોમનાથનાં દર્શન કરી મુળરાજ પાટણ આવ્યો.

વાર્તા ૧૫ કર્મભોગ.

રાજ લોભથી કરેલાં પાપ માટે મુળરાજને આખરે ઘણો પસ્તાવો થયો એ પાપમાંથી છુટવા તેણે ઘણાં તીર્થોની યાત્રા કરી. બ્રાહ્મણોને

પુષ્કળ દાન આપ્યું ઉત્તરમાથી ઘણા બ્રાહ્મણોને તેણે ગુજરાતમા લાવી વસાવ્યા એ બ્રાહ્મણોનો વશ હજીએ ઔદિચ્ય નામથી ઓળખાય છે

વળી એણે સરસ્વતી નદીને કાંઠે એક ભવ્ય દેવાલય બધાવ્યુ તેને રુદ્રમાળ કહે છે. એ દેવળ તદન પત્થરનુ હતુ એના સાત માળ હતા અને અદરની કોતરણી ઉચા પ્રકારની હતી એનો મડપ બહારથી સમ ચોરસ પણ થાભના એવી ખૂબીથી ગોઠવેલા કે અદરથી જોતા આઠ ખૂણાવાળો જણાય ગભારામા મુર્તિ રહેતી હજારો બ્રાહ્મણો ત્યા નિરતર સાડ પૂજા કરતા મુળરાજ પાછલી અવસ્થામા અહી રહી શિવની ભક્તિ કરતો આ દેવળ સિદ્ધરાજે પુરૂ કરાવ્યુ હતું આજે તો માત્ર નિશાની રીકે તેનો થોડો ભાગ હયાત છે

વાર્તા ૧૬ ચામુડ.

મુળરાજના મરણ પછી તેનો પાટવી કુવર ચામુડ ગાદીએ બેઠો સ ૧૦૫૩ એને ખાન પાનનો બહુ શોખ હોવાથી જુદી જુદી જાતના ઝાડો રોપાવ્યા હતા. એને ત્રણ દીકરા હતા વલ્લભરાજ, દુર્લભરાજ ને નાગરાજ.

એક વખત એના હાથે ઘોર પાપ થયુ એનો પસ્તાવો થવાથી વલ્લભરાજને ગાદી આપી કાશીમા જઇ રહ્યો વલ્લભરાજ શીતળાના રોગથી મરણ પામ્યો એટલે દુર્લભરાજ ગાદીએ બેઠો એણે પાટણમા એક સરોવર બધાવ્યુ તેનુ ચિત્ત ઇશ્વર ભક્તિમા લાગવાથી તે તીર્થમા જઇ રહ્યો એટલે નાગરાજનો દીકરો ભીમદેવ ગાદીએ આવ્યો

વાર્તા ૧૭ ભીમદેવની વિજય યાત્રા.

ભીમદેવ બાણુ મારવામા કુશળ હોવાથી બાણાવળી કહેવાતો સિધ અને બુદેલખડના રાજાઓએ એની આણુ માની નહિ. તેથી તેણે એ બેઉના ઉપર સવારી કરી તેમને તાબેદાર બનાવ્યા એની ગેર હાજરીમાં

માળવાની સેનાએ પાટણ લૂટ્યુ. એ કારણથી ભીમ ગુસ્સે થઇ માળવા ઉપર ચડયો. ત્યાં ભારે યુદ્ધ થયુ જેમા માળવાનો રાજા ભોજ મરાયો એ ભોજ રાજા વિદ્યાનો શોખીન ને ઘણો ઉદાર હતો ઘણા વિદ્વાનો એના દરબારમા રહેતા

ઉપરા ઉપરી મળેના આ વિજયોથી લોકોએ ભારે ઉત્સવ કર્યો એ વખતે આખુ ગુજરાત ગર્વને આનદમા ગાજી ઉઠયુ

વાર્તા ૧૮ સોમનાથ મહાદેવ

સૌરાષ્ટ્રને કિનારે આવેલુ સોમનાથનુ મોટુ તીર્થ આખા હિદુસ્તાનમાં પ્રસિદ્ધ છે એમા પુષ્કળ દ્રવ્ય હતુ એ મદિરમા એક મોટી મૂર્તિ અંધારા ગાભારામા હતી એ મૂર્તિના પેટામા રત્નોના ઢગના ભરેલા હતા એ દેવળમા સોનાના રત્નજડિત કોડીઆમા દીવા સળગાવતા હેઠળ ભોયરામા સોનાના અને રત્નોના ભડાર ભરેલા હતા એના દરવાજાના કમાડ સુખડના બનાવેલા હતા

એ દેવળને અગે દસ હજાર ગામની ઉપજ ખરચાતી હતી મહાદેવની મૂર્તિને સ્નાન કરાવવા દરરોજ ગગા નદીનું પાણી આવતુ દેવળની અદરનો ઘટ ૨૦૦ મણ સોનાની સાકળે ટાગેલો પણ હતો દેવળમા એક હજાર બ્રાહ્મણો બેસી મહાદેવનુ પૂજન કરતા હતા એને ફરતો મજબુત કિલ્લો ને રક્ષણ માટે થોડુ સૈન્ય રાખેલુ પણ હતુ

વાર્તા ૧૯ મુસલમાનોની ચઢાઇ

સોમનાથની ખ્યાતિ સાભળી ગીજનીનો મુસલમાન સુલતાન મહમુદ ઇ, સ ૧૦૨૪ મા ગુજરાત ઉપર ચઢી આવ્યો *તે વખતે સોમનાથ ચુડાસમા રાજા રા' મડળિકના તાબામા હતુ મુસલમાનોની ચઢાઇની વાત સાભળી ઘણા હિદુ રાજાઓ ભેગા થયા કિલ્લા પાસે સામટ ત્રણ

* આ વાતનુ જરાપણ સૂચન હેમાચાર્યે દ્યાશ્રયમા કર્યું નથી!

દિવસ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યુ. ધાર્મિક જુસ્સાથી લડતી ગુર્જર સેનાએ ઘણા મુસલમાનોને કાપી નાખ્યા પણ તેની તૈયારી અને વ્યવસ્થા પુરતી ન હોવાથી તે હારી મુસલમાનોએ દેવળ લૂટ્યુ ને મૂર્તિના કકડા કરી નાખ્યા પાછા જતાં મુસલમાનો પુષ્કળ દ્રવ્ય અને સુખડના કમાડ પોતાની સાથે લઈ ગયા ભીમદેવ પાછળથી સૈન્ય ભેગુ કરી તેની પૂઠે પડયો ને મુસલમાની સેનાને ઘણી હેરાન કરી. ત્યારપછી ભીમદેવે પુષ્કળ દ્રવ્ય ખરચી દેવળ સુધરાવ્યુ.

વાર્તા ૨૦ ભલા ખેડુતો.

ભીમદેવને ત્રણ કુવર હતા ક્ષેમરાજ, કરણ અને મૂળરાજ મુળરાજ ઘણો દયાળુ હતો એક વરસ વરસાદની તાણને લીધે એ ગામના ખેડુતો સરકારમા જમીન મહેસુલ ભરી શકયા નહી ઉઘરાતદારે તેમને રાજા પાસે રજુ કર્યા. તે વખતે મૂળરાજ ત્યા હાજર હતો ખેડુતોના દુ:ખની વાત સાભળી તેને ઘણી દયા આવી તેથી રાજા પાસે એમનું મહેસુલ એણે માફ કરાવ્યુ ! ત્યાર પછી ત્રીજે દિવસે તે મરણ પામ્યો

બીજે વરસે સારો પાક થવાથી પેલા ખેડુતો એ વરસનુ મહેસુલ ભરવા આવ્યા રાજાએ માફ કરેલુ મહેસુલ લેવા ના પાડી ખેડુતોએ તે આપવા હઠ પકડી આખરે એનો નિકાલ કરવા પચ નીમાયુ પચે કહ્યુ,અને વરસનુ મહેસુલ રાજાએ લેવુ ને તે બધુ મરનાર કુવરની યાદગીરીમા એક શિવાલય બધાવી ખરચી નાખવુ આથી ખેડુતો ઘણા રાજી થયા

વાર્તા ૨૧ કરણનો કારભાર.

ભીમદેવને ત્રણ રાણીઓ હતી. એમા માનીતી બકુલા દેવી હતી એને પેટે ક્ષેમરાજનો જન્મ થયો હતો. એ બકુલાદેવી જાતની વાણીયણ હતી તેથી એના દીકરા ક્ષેમરાજને ગાદી મળે એની વિરુદ્ધ કેટલાક રજ-

જૂરો હતા. જૈન પ્રધાનો ક્ષેમરાજને ગાદીએ બેસાડવા મથી રહ્યા હતા. પણ નાગર પ્રધાનોની સલાહથી રજપૂતોએ ભીમદેવની બીજી રાણી ઉદયામતીના દીકરા કરણને ગાદીએ બેસાડ્યો. એથી ક્ષેમરાજ તીર્થમા જઇ રહ્યો.

આ વખતે ગુજરાતમા કોળી લોકોની વસ્તી વધારે હતી એમને તાબે કેટલાક શહેર અને કિલ્લા હતા એ કિલ્લાઓમા રહી તેઓ આસપાસના પ્રદેશ લૂટી લોકોને હેરાન કરતા ધંધુકાનો ધનમેર અને આશાપલ્લીનો આશોભીલ બહુ બળવાન્ હતા કરણે આશાભીલ ઉપર સવારી કરી તેને માર્યો અને ધનમેરને તાબે કર્યો

એ લોકોપર દાબ રાખવા માટે કરણે આશાપલ્લીની જગાપર કરણાવતી નગર વસાવ્યુ અને ત્યા ખેતીના ઉપયોગ માટે કરણસાગર તળાવ બંધાવ્યું

આ રાજાનુ લગ્ન દક્ષિણના ચંદ્રપુરના રાજાની કુંવરી મીનળદેવી સાથે થયુ હતુ એને પેટે મહાન સિદ્ધરાજનો જન્મ થયો ૧૧ ૧ ૪૭

વાર્તા ૨૨ ન્યાયનો નમુનો

કરણના મરણ વખતે સિદ્ધરાજ નાનો હોવાથી રાજ્યકારભાર તેની મા મીનળદેવી ચલાવતી પોતાના અમલમા એ ભલી રાણીએ બે સરોવર બંધાવ્યા એક વીરમગામ પાસે મીનલસાર ને બીજુ ધોળકા પાસે મલાવ એનો મુખ્ય પ્રધાન મુંજાલ હતો તે ઘણો ચતુર ને રાજવહીવટમાં કુશળ હતો

મલાવ તળાવ ખોદાવતા એક નાયકાની જગા વચમા આવતી હતી જો એ જગા વેચાતી ન મળે તો તળાવ વાકુ થાય એમ હતું તેથી રાણીએ પેલી નાયકાને બોલાવી તેની પાસે એટલી જગા વેચાતી માગી નાયકાએ તે આપવા ના પાડી. એ ઉપરથી રાણીએ તળાવ વાકુ બંધાવ્યુ, પણ બળાત્કારે તે જમીન લીધી નહિં । આથી લોકોમાં હજી પણ કહેવત ચાલે છે કે ન્યાય જોવો હોય તો મલાવ જુઓ

એ વખતે સોમનાથની યાત્રા માટે લોકો પાસેથી કર લેવાતો જે માણસથી કર ન ભરાય તેને યાત્રા કર્યા વિના પાછુ ફરવુ પડતુ. રાજ્યને એ કરની આવક ૭૨ લાખ રૂપીઆ હતી છતા આ રાજમાતાએ એ કર હમેશને માટે માફ કરાવ્યો આથી યાત્રાળુ લોકોનુ દુ ખ મટયુ.

વાર્તા ૨૩ રાણકદેવી

જુનાગઢ તાબાના મજેવડી ગામમા એક કુંભારને ઘેર રાણકદેવી નામે રજપૂત * કન્યા હતી તે ઘણી ખૂબસુરત હતી એનુ લગ્ન સિદ્ધરાજ સાથે થવાનુ હતુ એવામા તેને જુનાગઢનો રાજા રા'ખેગાર પરણી ગયો. એ અપમાનનુ વેર વાળવા સિદ્ધરાજે જુનાગઢ ઉપર ચડાઈ કરી રા'. ખેગાર ઘણો બહાદુર લડવૈયો હતો તેથી સિદ્ધરાજ લાબી મુદત સુધી એને જીતી શકયો નહિ છેવટે એના ભાણેજ ફુટયા એથી સિદ્ધરાજ જીત્યો ને લડાઈમા ખેગાર મરાયો સિદ્ધરાજે રાણકદેવીને પોતાની સાથે લગ્ન કરવા કહ્યુ, પણ તે એણે ન માન્યુ એથી ગુસ્સે થઇ સિદ્ધરાજે એના દેખતા એના બે કુવરોને કતલ કરી નાખ્યા છતા રાણી પોતાના વતથી ન ડગી ! એને સાથે લઈ સિદ્ધરાજ પાટણ નીકળ્યો રસ્તામા વઢવાણ આગળ રાણકદેવી સતી થઇ આ વિજયની યાદગીરીમાં સિદ્ધરાજે પોતાના નામથી સિદ્ધ સવત ચલાવ્યો પણ પાછળથી એ બધ પડયો

વાર્તા ૨૪ વેરની વસુલાત

સિદ્ધરાજે જુનાગઢ ઉપર ચડાઇ કરી તે વખતે માળવાના રાજાએ પાટણ ઉપર ચડાઈ કરી હતી એનુ વેર વાળવા સિદ્ધરાજ મોટા સૈન્ય

---

* એ સિધના કોઈ રાજાની દીકરી હતી વેંમથી એના બાપે એને જગલમા મુકી દીધી હતી તે કુભારના હાથમા આવવાથી એણે ઉછેરી મોટી કરી હતી

સાથે માળવા ઉપર ચડયો બાર વરસ સુધી તેની રાજધાની ધારાનગરીને ઘેરો ઘાલ્યો. પણ જીત થઇ નહિ

એક રાતે સિદ્ધરાજને ખબર મળી કે કિલ્લાના દક્ષિણ ભાગમા હલ્લો કરવાથી ફાવી શકાશે એ ઉપરથી એ હાથી ઉપર સવાર થઇ ત્યા ગયો. હાથીએ પુષ્કળ બળ દાખવી એ તરફનો દરવાજો તોડયો. પછી સિદ્ધરાજ શહેરમા પેઠો રાજા યશોવર્મા યુદ્ધ કરવા સામો આવ્યો પણ લડતા લડતા તે પકડાયો પછી તેને લાકડાના પાજરામા પુરી પાટણ આણ્યો આ વિજયના આનંદમા ગુજરાતના લોકોએ ઉત્સવ કર્યો

માળવાથી પાછા આવતા સિદ્ધરાજે બુંદેલખંડના રાજા મદનવર્મા ઉપર ચડાઇ કરી પણ મદનવર્માએ ખંડણી આપી સનાહ કરી તેથી સિદ્ધરાજ પાછો ફર્યો ત્યાર પછી સૌરાષ્ટ્રના બર્બર લોકોને હરાવી તાબે કીધા

વાર્તા ૨૫. સતીનો શાપ.

સિદ્ધરાજે પાટણ પાસે સહસ્ત્રલિંગ નામે એક સુંદર સરોવર ખોદાવ્યુ હતુ એની આસપાસ મહાદેવના હજાર દેવળ હતા. એ તળાવ ખોદાવતા માળવાથી ઘણા ઓડ લોકોને બોલાવ્યા હતા એમા જસમા નામે એક ઓડણ હતી તે ઘણી રૂપાળી હતી સિદ્ધરાજે એની સાથે લગ્ન કરવા ઇચ્છયુ જસમા જાતમા નીચી પણ સદ્ગુણોમા ઉચી હતી તેથી તેણે રાજા સાથે લગ્ન કરવા ના પાડી રાજાએ એને પટરાણી બનાવવાની લાલચ આપી, પણ આત્મ ગૌરવ સમજનારી એ બાઈ એને વશ ના થઇ।

આ વાતની ખબર પડતા ઓડ લોકો જસમાને લઇ પોતાના દેશ તરફ નાઠા સિદ્ધરાજે તેમને પકડવા માણસો દોડાવ્યા રસ્તામા લડાઇ થઇ તેમા ઘણા ઓડ મરાયા જસમાનો ધણી પણ તેમા મરણ પામ્યો. એથી જસમા ચિતા ખડકાવી ત્યા સતી થઇ। મરતી વખતે તેણે શાપ દીધો કે એ તળાવમા પાણી રહેશે નહિ કહે છે કે સતીના એ શાપને લીધે ઘણા વરસ એમા પાણી ટકતુ નહિ શ્રીપાળ કવિએ સુદર કાવ્ય લખ્યું છે

વાર્તા ૨૬ સિદ્ધરાજનો ધર્મ અને વિદ્યા પર પ્રેમ.

સિદ્ધરાજ વિદ્યાનો શોખીન અને કીર્તિનો લોભી હતો ધર્મ ઉપર એને ઘણી શ્રદ્ધા હતી ઘણી વખત તે પાટણથી સોમનાથના દર્શન કરવા જતો. એક વખત તો એણે રામેશ્વરની યાત્રા પણ કરી હતી

એ વિદ્વાનોને ઘણું માન આપતો તેથી દેશ પરદેશના ઘણા વિદ્વાનો એના દરબારમા આવી રહ્યા હતા. એમા હેમચંદ્ર મુખ્ય હતો. ઘણી વખત તો એ જુદા જુદા ધર્મના વિદ્વાનો પાસે વિવાદ કરાવતો ને તેમા જીતનારને ભારે ઇનામો આપતો હેમચંદ્રે દ્વયાશ્રય નામ એક પ્રસિદ્ધ ગ્રંથ લખ્યો, એ કાવ્યમા એવી રચના છે કે એક અર્થ કાઢતા સોલંકી વંશનો ઇતિહાસ નીકળે ને બીજો અર્થ કાઢતા વ્યાકરણ નીકળે એથી રાજા ઘણો પ્રસન્ન થયો ને તેણે હેમચંદ્રને ભારે માન આપ્યુ પછી એ ગ્રંથને પોતાના હાથી ઉપર પધરાવી તેનાપર રાજચિન્હ ધરાવી આખા શહેરમા ફેરવી પછી રાજ મહેલમા પધરાવ્યો એ ગ્રંથ ઘણો શ્રેષ્ઠ હોવાથી ૩૦૦ લહીઆઓને ત્રણ વરસ રોકી તેની હજારો નકલો કરાવી અને પોતાના રાજ્યની તમામ પાઠશાળાઓમા એકેક નકલ મોકલાવી

વાર્તા ૨૭ પ્રજાપ્રીતી

પ્રજાનુ કલ્યાણ કરવાની પણ સિદ્ધરાજને ઘણી કાળજી હતી ઘણી વખત રાતે વેશ બદલી નગરમા ફરતો ને પ્રજાના દુખ જાણી ને દૂર કરતો એ વખત ખંભાત મોટુ બંદર હતુ તેમા કેટલાક મુસલમાનો વેપાર કરવા આવી રહ્યા હતા તેમના ઘર ત્યાના જૈનોએ બાળી મુક્યા. એવાતની સિદ્ધરાજને ખબર પડી એટલે તેણે તપાસ કરાવી મહાજનના આગેવાનો પાસે મુસલમાનોને નુકસાનીનો બદલો અપાવ્યો વળી પ્રજાના સુખ માટે તેણે પુષ્કળ વાવો, તળાવો, કુવા ને ધર્મશાળા બંધાવ્યા હતા રાજ્યના રક્ષણ માટે તેણે ઘણા કિલ્લા બંધાવ્યા

એ વખતે પાટણવાડામાં વસ્તી ઓછી હતી. તેથી ઘણી જમીન ખેડાણ વગર પડી રહેતી તેથી ત્યા વસ્તી વધારવા ગ ગાના પ્રદેશમાંથી ખેડુતના ૧૧૬ કુટુબ આણી ×વસાવ્યા તેમના વ શની વૃદ્ધિ માટે રાજાએ એક મોટો યજ્ઞ પણ કર્યો ' રાજાએ તેમને ખેતીના ઉપયોગ માટે પુષ્કળ તળાવ બાંધી આપ્યા આ લોકોએ ખેતી કરી પાટણવાડાનો ભાગ રમાળ કર્યો.

વળી જ્યારે એ દક્ષિણમા ગયો ત્યારે ત્યાછી ઘણા વણકરોને તે સાથે તેડતો આવ્યો ને ઘણા માનથી તેમને પાટણમા વસાવ્યા એમણે સુદર કારીગીરીથી ગુજરાતની કીર્તિ વધારી પાટણના પટોળા હજીએ વખણાય છે. ગુજરાતનુ ગૌરવ આ મહારાજાએ ઘણુ વધાર્યુ એટલે સુધી કે પરદેશના ઘણા રાજકુવરો પાટણના સૈન્યમા નોકરી કરવામા મોટું માન સમજતા

વાર્તા ૨૮ કુમારપાળ

સિદ્ધરાજને જોશીઓએ કહ્યુ હતુ કે તમારી પછી કુમારપાળ રાજા થશે આ વાત સિદ્ધરાજને ગમતી નહિ તેથી તેણે કુમારપાળનો નાશ કરવા ઘણી યુક્તિઓ કરી પણ કુમારપાળ ત્રણી મહેનતે નાસી છૂટયો, ને ખભાત ગયો

ખભાતમા તે હેમચદ્ર પડિતને મળ્યો તે વખતે હેમચદ્રે કુમારપાળને કહ્યુ કે હવે થોડા વખતમા તમને ગુજરાતનુ રાજ્ય મળશે તે

× આ મત સ્વાશાસ્ત્ર વ કા નુ છે

* આ મત આપણા એક વયોવૃદ્ધ સાક્ષરનુ છે.

ક દ્વયાશ્રયમા આ વાત સૂચવી નથી. પણ એમ હોવુ જોઇએ કે કુમારપાળ શુદ્ધ રજપૂત કુળનો ન હોવાથી એ ગાદીએ બેસે તો પાટણની ગાદીનું ગૌરવ ઘટી જાય આ સિવાય સિદ્ધરાજની અપ્રીતિનુ બીજુ કારણ નહતું કર્તા.

વખતે કુમારપાળે કહ્યું કે જો મને રાજ્ય મળશે તો હું જૈનધર્મ પાળીશ ત્યાર પછી થોડા વરસે સિદ્ધરાજ વારસ વગર મરણ પામ્યો એટલે કુમારપાળ પાટણની ગાદીએ બેઠો ઇ સ ૧૧૪૩ શરૂઆતમા કેટલાક જુના પ્રધાનો સામા થયા પણ કુમારપળે તેમને દાબી દીધા એ ખટપટનો લાભ લઇ અજમેરના આન રાજાએ ગુજરાત ઉપર ચડાઇ કરી પણ કુમારપાળે તેને યુદ્ધમા જખમી કરી નમાડ્યો

પછી કુમારપાળે પોતાના મંત્રી આમ્રભટને કોકણ જીતવા મોકલ્યો પ્રથમ તો ગુજરાતની સેના હારી પણ બીજી વખત જીત મેળવી પાછી આવી

વાર્તા ૨૯ કુમારપાળનાં કામ

ગાદીએ બેઠા પછી કુમારપાળે જૈનધર્મ પાળ્યા છતા શૈવધર્મને ન ઘણું માન આપતો સોમનાથનુ દેવળ ભારે ખર્ચથી એણે સુધરાવ્યુ આ ઉપરાત જૈનધર્મના એણે આશરે ૧૪૦૦ નવા દેવળ બંધાવ્યા ને કેટલાક સુધરાવ્યા

વળી એણે પ્રજાની નીતિમા પણ સુધારો કર્યો, હેમચદ્રના ઉપદેશથી તેણે પ્રજાને નીચે પ્રમાણે ઉપદેશ કર્યો મારા રાજ્યમા કોઇએ જીવહિસા કરવી નહિ, દારૂ પીવો નહિ, જુગાર રમવો નહિ અને ગાળ્યા વગર પાણી પીવુ નહિ

પોતાના રાજ્યમા વિદ્યાનો પ્રચાર કરવા એણે ૨૧ નવા જ્ઞાનભડાર ઉઘાડ્યા વળી ઘણી લેખકશાળાઓ સ્થાપી હુન્નરનો વધારો કરવા પરદેશમાથી ૭૦૦ કુશળ વણકરોને લાવી પાટણમા વસાવ્યા એના વખતમાં વણાટના ધધાને સારૂ ઉત્તેજન મળ્યુ ૩૧ વરસ સુધી સારી રીતે અમલ કરી આ પ્રતાપી મહારાજા ઇ સ. ૧૧૭૪ મા મરણ પામ્યો

વાર્તા ૩૦ હેમચંદ્ર

હેમચદ્રનો જન્મ ઇ સ ૧૦૮૯ મા ધધુકામા થયો હતો તેમનું મુળ નામ ચાગદેવ હતુ તે જ્યારે પાચ વરસના હતા ત્યારે એ શહેરમા દેવચદ્ર નામના જૈન આચાર્ય આવ્યા હતા. માતાની સાથે ચાગદેવ

તેમની પાસે કથા સાભળવા ગયા ચાગદેવની બુધ્ધી ને ચપળતા જોઇ સાધુએ એને પોતાનો શિષ્ય બનાવવા માગ્યો ધર્મિષ્ઠ માતાએ આચાર્યને દીકરો આપી દીધો

આચાર્યે ચાગદેવને જૈન ધર્મની દીક્ષા આપી અને તેનું હેમચદ્ર નામ રાખ્યુ હેમચદ્ર ૨૧ વરસની ઉમરે સઘળા શાસ્ત્રમા પારગત થયો જ્યારે સિધ્ધરાજ માળવા જીતી પાટણ પાછો આવ્યો ત્યારે હેમચદ્ર પ્રથમ તેની સ્તુતિનો એક શ્લોક રચ્યો સિધ્ધરાજ તેથી પ્રસન્ન થયો ને તેને માન આપવા લાગ્યો એમણે દ્વયાશ્રય ને બીજા ઘણા ગ્રથો રચ્યા છે

કુમારપાળના વખતમા તેમની પ્રતિષ્ઠા ઘણી વધી તેમણે જૈન ધર્મનો ઘણો પ્રચાર કર્યો તે જેવા વિદ્વાન હતા તેવ રાજ્યનીતિમા કુશળ હતા કુમારપાળ હમેશા એમની સલાહ લેતો

વાર્તા ૩૧ અજયપાળ

કુમારપાળ પછી તેનો ભત્રીજો અજયપાળ પાટણની ગાદીએ આવ્યો તેણે અજમેરના રાજાને હરાવી ખડણી લીધી. આ રાજા શૈવ ધર્મ પાળતો તેથી તેણે એ ધર્મને સારૂ ઉત્તેજન આપ્યુ, અને જૈન મદિરો ને ભડા- રેનો નાશ કરાવ્યો એથી દરબારના જૈન અધિકારીઓ ખળભળી ઉઠયા રાજાએ તે સઘળાનો નાશ કરાવ્યો આથી રાજ્યમા ઘણો ત્રાસ ફેલાયો. એ ખટપટમા મહેલના એક પોળીઆએ રાજાનો પ્રાણ લીધો ઇ ૧૧૭૭.

પછી મુળરાજ બીજો ગાદીએ આવ્યો એ નાનો હતો તેથી સઘળો કારભાર એનો કાકો ભીમદેવ કરતો ઇ. સ ૧૧૭૮ મા ગીજનીનો મુસલ- માન સુલતાન ગુજરાત ઉપર ચડયો. તેની સામે ગુજરાતી સેના ઘણી બહાદુરીથી લડી આખરે મુસલમાનો હાર્યા ને પાછા ગયા. બે વરસ રાજ્ય કરી ઈ ૧૧૭૯ મા મુળરાજ મરણ પામ્યો પછી બીજો ભીમ- દેવ ગાદીએ આવ્યો. તે સ્વભાવે ભોળો હોવાથી ભોળો ભીમદેવ કહેવાય છે.

વાર્તા ૩૨ સાબરમતીનું યુધ્ધ.

ભીમદેવ પાટણની ગાદીએ બેઠો તે વખતે આબુ ઉપર જેતસી પરમાર રાજ્ય કરતો હતો તેને ઇચ્છિન નામે રૂપાળી કન્યા હતી તેનો વિવાહ અજમેરના રાજકુવર પૃથ્વીરાજ સાથે કર્યો હતો એ પૃથ્વીરાજ દીલ્હીની ગાદીએ રાજ્ય કરતો હતો

આબુના રાજા પાસે ભીમદેવે ઇચ્છનની માગણી કરી પણ પરમાર રાજાએ તે સ્વીકારી નહિ. એથી ગુસ્સે થઇ ભીમ આબુ ઉપર ચડયો. પરમાર રાજાએ ઇચ્છનને અજમેર મોકલી દીધી ભીમદેવ પરમાર રાજાને હરાવી અજમેર ગયો પણ ત વખતે હારી પાછો આવ્યો થોડા વખત પછી ફરીને ભીમ અજમેર ગયો ને સોમેશ્વરને હરાવી માર્યો ગુજરાતી સેના વિજય મેળવી પાછી ફરી

પિતાના મરણનુ વેર વાળવા પૃથ્વીરાજ મોટી સેના સાથે ગુજરાત ઉપર ચડયો પહેલા તેણે ચદ બારોટને ભીમદેવ પાસે મોકલ્યો ચદ પાસે દીવો, કોદાળી, નીસરણી, જાળ, અકુશ ને ત્રિશુળ હતા તેણે ભીમને કહ્યુ તમે અધારામા સતાશો તો આ દીવાથી ખોળીશુ, પાતાળમા જશો તો કોદાળીથી ખોદી કાઢીશુ, આકાશમા જશો તો નીસરણીથી પકડીશુ, પાણીમા પેસશો તો જાળથી ઝાલીશુ આ અકુશથી વશ કરી ત્રિશુળથી ઠાર કરીશુ. એ સાભળી ભીમ ગુસ્સે થયો તેણે શખનાદ કરી પોતાની લાખ માણસની સેના બહારકાઢી સાબ્રમતીને કાઠે યુદ્ધ થયુ તેમા ભીમ હાર્યો ને પૃથ્વીરાજ જીત મેળવી દીલ્હી ગયો

વાર્તા ૩૩ પ્રજાની સ્થિતિ

આરભમા પાટણની ગાદી નીચે જે મુલક હતો તેમા ચાલુકય રાજાઓએ ઘણો વધારો કર્યો. મુળરાજ દેવે પ્રજામા ધાર્મિક જુસ્સો આણ્યો અને પહેલા ભીમદેવે તેને ગુજરાત બહાર વિજયો મેળવવાની કસોટીએ

ચડાવ્યો એ વિજય રૂગમા માતલી પ્રજાએ સિદ્ધરાજ અને કુમારપાળની આગેવાની નીચે પૂર્ણ પરાક્રમ દાખવી આખા હિંદુસ્તાનમા ગુજરાતનુ ગૌરવ વધાર્યું છેલ્લા ભાગમા ખડીઆ રાજાઓ સ્વતંત્ર થવાથી પ્રજાનો એ જુસ્સો કંઈક નરમ પડ્યો છતા બીજા ભીમદેવની સરદારી નીચે તેણે લાંબી મુદત સુધી મુસલમાનો સામે ટક્કર ઝીલી એ કંઈ તેનુ જેવુ તેવુ પરાક્રમ ન ગણાય

આ ૩૦૦ વરસના સમયમા દેશમા શૈવ અને જૈન ધર્મ ચાલતા જોકે શૈવ ધર્મ એ રાજ ધર્મ ગણાતો છતા કુમારપાળના વખતમા જૈન ધર્મ આગળ પડતો થયો એ વખતે બને ધર્મ વચ્ચે પુષ્કળ ઝઘડા ચાલતા એથી પ્રજામા કુસંપ વધ્યો ને તેથી તે નબળી પડી ગઈ

ઇ સ ૧૧૫૬ મા બોડાણાએ શ્રી રણછોડજીની મુર્તિ દ્વારિકાથી ડાકોરમા આણી

આ કાળમા દેશમા હુન્નર કળાનો ઘણો વધારો થયો હતો મોટા દેવળો ને શહેરોથી દેશની શોભા વધી હતી ભીમદેવના મંત્રી વિમળશાહે આબુ ઉપર દેલવાડાના સુંદર દેરા બંધાવ્યા વિદ્યાનો પ્રચાર પણ સારો થયો હતો દરેક કસ્બામા પાઠશાળા હતી અને તેમા બ્રાહ્મણ વાણીઆના છોકરા વિદ્યાભ્યાસ કરતા રાજ દરબારમા ઘણા વિદ્વાનો રહેતા પાટણ અને વડનગરના વિદ્વાનોના ધ્વનિથી ગુજરાત ગાજી રહ્યુ હતુ એમા હેમચંદ્ર મુખ્ય હતો

ગુજરાતનો ઇતિહાસ ભાગ ૩ જો.

વાર્તા ૧ વીર વાઘેલો.

કુમારપાળના મામા ધવલે ધોળકામા ઠકરાત સ્થાપી હતી ધવલના પૌત્ર લવણપ્રસાદે આસપાસનો મુલક જીતી ત્યા રાજગાદી કરી ભીમદેવના પ્રધાન તરીકે તે પાટણ રહેતા અને તેના દીકરો વીરધવળ ધોળકામા રાજ્ય ચલાવતો તે ઘણો પરાક્રમી હોવાથી વીર વાઘેલાના નામથી ઓળખાતો

પાટણની પડતીના વખતમા કચ્છ અને સોરઠના રાજાઓ સ્વતંત્ર થઇ ગયા હતા તેમને વીરધવળે હરાવી તાબે કર્યા આ વખતે ગુજરાતમા વેપાર સારો ચાલતો હતો દેશના જુદા જુદા ભાગોમાથી વણઝારા પોઠો ઉપર સોમનાથ ને ખંભાત બંદરે માલ લઈ જતા એ માલ ત્યાથી પરદેશ ખાતે જતો એ વેપારીઓને ગોધરાનો રાજા ઘુઘલ હેરાન કરતો વળી ડભોઇની આસ પાસના ઠાકોરો પણ લૂટફાટ કરતા એથી એ તરફનો વેપાર બંધ પડી ગયો એ ઉપરથી રાણાએ ઘુઘલને તાબે થવા કહાવ્યુ ઘુઘલે પોતાના ભાટને કાજળની દાબડી ને સાડી લઈ ધોળકે મોકલ્યો ને રાણાને કહાવ્યુ કે હુ તો બધા રાજાને સ્ત્રીઓ જેવા માનુ છુ એથી ગુસ્સે થઇ રાણાએ પોતાના પ્રધાન તેજપાળને ગોધરા જીતવા મોકલ્યો તેજપાળે ઘુઘલને હરાવી કેદ પકડ્યો ને બધા દેશમા ફેરવી ધોળકે આણ્યો ત્યા પેલી સાડી તેને પહેરાવી ને કાજળ આંખોમા આંજ્યુ. એ અપમાનથી તે જીભ કરડી મરણ પામ્યો

વાર્તા ૨ વીરધવળની વડાઈ

એક વખત રાણો પોતાના પલંગમા સૂતો હતો તે વખતે એક ખવાસ ત્યા બેસી પગ ચંપી કરતો હતો તેણે રાણાના પગેથી અંગુઠી

કાઢી લીધી રાણાએ તે જાણ્યુ પણ કાઇ કહ્યુ નહિ । પછી ભડારમાથી એવીજ બીજી અગુઠી મગાવી પહેરી બીજે દિવસે પેલો ખવાસ પગ- ચપી કરવા બેઠો ને અગુઠી જોઇને ગભરાયો રાણાએ તેને કહ્યુ, ભાઇ ! કાલની પેઠે આજે અગુઠી કાઢી લેતો નહિ ! આ સાભળી ખવાસ ઝખ- વાણો પડી ગયો રાણાએ કહ્યુ એમા તારો વાક નથી દરબારમાથી તમને પગાર પેઠે ખરચ પુરતી રકમ મળે નહિ એટલે તમે આવા બુરા કામ કરો છો આમ કહી તેને ભારે ઇનામ આપ્યુ

આ પ્રતાપી રાણો ૧૦ સ ૧૭૩૯ મા દેવ થયો આ વખતે પાટ- ણની ગાદીના રાજા નબળા પડી ગયા હતા છતા આ રાણો તેમને વફા- દાર રહ્યો પ્રજાને એ બહુ પ્રિય હતો તેના મરણના શોકથી ૧૮૨ ચાકરો તેની ચિતામા પડયા હતા । એને વિદ્યાનો ઘણો શોખ હોવાથી તેના દરબાર મા ઘણા વિદ્વાનો હતા

વાર્તા ૩ રાણાનો અદલ ઇન્સાફ

આ રાણાને બે દીકરા હતા વીરમ અને વિશળ વીરમ તોફાની અને ઉતાવળીઓ હતો એ વખતે ધોળકાના વાણીઆમા એવો રિવાજ હતો કે મોટી અગીઆરસને દિવસે એક ઝાડ નીચે પોતાની નજરમા આવે એ વસ્તુના ૧૦૮ નગ મુકી તે ધર્માદા કરી દેવા એ પ્રમાણે વીરમે ૧૦૮ રૂપીઆ મુકયા તેની પછી એક વાણીઆએ ૧૦૮ સાચા મોતી મુકયા પોતાનાથી વાણીઓ ચડયો એ જોઇ વિરમ ગુસ્સે થયો, ને તરવાર તાણી તેને મારવા દોડયો

આ તરફ વાણીઓ નાસી દરબારમા ગયો ને તમામ હકીકત રાણાને જાહેર કીધી એથી ગુસ્સે થઇ રાણાએ વિરમને કહ્યુ, નાદાન છોકરા, આ વાણીઆનો શો વાક હતો કે તેને તુ મારવા દોડયો ? એણે વધારે દાન કર્યું તેમા શુ બગડી ગયુ ? મારી પ્રજાને વગર વાંકે હેરાન કરનાર તારા જેવા છોકરાનુ મો જોવા હું નથી ઇચ્છતો માટે મારા દરબારમાથી

ચાહ્યા જન ગણુએ તને એક ગામ આપ્યુ વીરમ ત્યા જઇ રહ્યો વીરમના નામ ઉપરથી એ ગામનુ નામ વિરમગામ પડ્યુ

વાર્તા ૪ વસ્તુપાળ અને તેજપાળ

વસ્તુપાળ અને તેજપાળ નામે બે વણિક ભાઇઓ હતા તે ઘણુ બુદ્ધિમાન હતા રાજપુરોહિત નાગેશ્વરદેવની સલાહથી વિરધવળે તેમને પોતાના પ્રધાન નીમ્યા હતા એઉ ભાઇ ઘણા ધર્મિષ્ઠ હતા એક વખત તેઓ કુટુંબ સાથે શત્રુંજયની યાત્રાએ જતા હતા રસ્તામા બીકથી તેઓ પોતાની દોલત જમીનમા દાટવા લાગ્યા પણ જમીન ખોદતા ઉલટુ તેમને વધારે દ્રવ્ય જડ્યુ ! એ વખતે વસ્તુ પાળની સ્ત્રીએ સલાહ આપી કે એ બધી દોલત પર્વતની ટોચ પર રાખો તો બધા લોકના જોવામા આવશે પણ ત્યાંથી લેવાય નહિ એ ઉપરથી તેમણે આબુ ગીરનાર ને શેત્રુંજય ઉપર દેવળો બંધાવી એ બધી દોલત ખરચી નાખી આબુના દેવળ ઉંચા કારીગરીના છે ને તે જોનારને હેરત પમાડે છે

વસ્તુપાળ ખંભાતનો સુબો બન્યો હતો જ્યારે તે ત્યા ગયો ત્યારે ત્યાના આબરૂદાર માણસો તેને મળવા આવ્યા પણ ત્યાનો સીદીક નામે મુસલમાન વેપારી મળવા ન આવ્યો ઉલટુ તેણે વસ્તુપાળને કહાવ્યુ કે તમારે મને મળવા આવવુ ! પરદેશો સાથે તેનો બહોળો વેપાર હતો ને સોરાષ્ટ્રના એક હાકેમની તેને મદદ હતી સીદીકની આવી ઉદ્ધતાઇથી ગુસ્સે થઇ વસ્તુપાળે તેને ભારે સજા કરી.

વાર્તા ૫ મહારાજા વિશળદેવ

વીરધવળની પછી તેનો દીકરો વિશળદેવ ગાદીએ બેઠો તે ઘણો પરાક્રમી હતો પાટણના છેલ્લા ચાલુક્ય રાજા ત્રિભુવનપાળ પાસેથી એણે રાજ્ય છીની લઇ પાટણમા ગાદી કરી ને મહારાજાની પદવી ધારણ કીધી.

એણે વિશાળ નગર શહેર વસાવી તે પોતાના પિતાની પાછળ દાનમા આપ્યુ અને ડભોઇનો મજબુત કિલ્લો બધાવ્યો

શરૂઆતમા વસ્તુપાળ અને તેજપાળ ઉપર રાજાની સારી પ્રીત હતી પણ પાછળથી રાજાના મામા સિંહે ખટપટ કરી તેમના પર ઇતરાજી કરાવી એથી વસ્તુપાળ તેજપાળની પ્રતિષ્ઠા ઘટી રાજા ઘણી વખત તેમના ઉપર ગુસ્સે થતો પણ તે વખત પુરોહિત સોમેશ્વરદેવ તેમની આગલી સેવાઓ યાદ કરાવી રાજાને શાત કરતો

આ રાજાના અમલમા પદરોતરો કાળ પડયો એ વખતે રાજાએ અનાજના ભડાર ઉઘાડી છૂટે હાથે લોકોને અનાજ વહેચ્યુ એ કામમાં રાજાને જગડુશાહે સારી મદદ કરી હતી

વાર્તા ૬ જગડુશાહ.

આ વખતે કચ્છમા આવેલુ ભદ્રેશ્વર મોટુ બદર હતુ પરદેશો સાથે તેનો વપાર બહોળો હતો તેમા જગડુશાહ નામે મોટો વેપારી હતો તે શ્રીમાળી વાણિઓ હતો વેપારમા તેણે ઘણુ દ્રવ્ય મેળવ્યુ હતુ ભદ્રેશ્વરનો કિલ્લો પહેલા ભીમદેવે બધાવ્યો હતો પણ તે થરપારકરના રાજા પીઠદેવે તોડી નાખ્યો હતો

જગડુશાહે એ કિલ્લો ફરીથી બધાવવા માડયો પીઠદેવ તેને તેમ કરતા અટકાવ્યો તેથી જગડુએ લવણપ્રસાદની મદદથી કિલ્લો પુરો કરાવ્યો પદરોતરા કાળમા તેની પાસ અનાજના ઘણા કોઠાર ભરલા હતા તે તેણે ભૂખ મરતા લોકોને મફત વહેંચી આપવા માડયા ગુજરાત ઉપરાત બીજા દેશોમા પણ તેણે અનાજ મોકલાવી ગરીબોના જીવ બચાવ્યા સિંધ, માળવા, દિલ્હી ને કધારના રાજાઓને પણ એણે પુષ્કળ અનાજ આપ્યુ હતુ

વાર્તા ૭ કરણનો કેર

વિશળદેવ પછી અર્જુનદેવ અને સારંગદેવ રાજાઓ થઇ ગયા એ બેઉ ઘણા પ્રતાપી હતા એમના અમલમા પ્રજા પરમ સુખી હતી છેલ્લો મહારાજા કરણદેવ થયો એ ઉતાવળીઓ અને અવિચારી હોવાથી ગુજરાતનુ રાજ્ય મુસલમાનોના હાથમા ગયુ

માધવ નામનો નાગર બ્રાહ્મણ કરણનો મુખ્ય પ્રધાન હતો માધવની સ્ત્રી રૂપસુંદરી બહુજ રૂપાળી હતી એક વખત એ કરણદેવના જોવામા આવી રૂપથી મોહ પામી રાજાએ તેને પોતાની રાણી બનાવવાનો ઠરાવ કર્યા પછી માધવને કચ્છમા ઘોડા લેવા મોકલ્યો તેના ગયા પછી માણસો મોકલી રાજાએ રૂપસુંદરીને પકડી મગાવી એ વખતે માધવનો ભાઈ કેશવ ઘણી બહાદુરીથી લડ્યો પણ માર્યો ગયો એની સ્ત્રી ગુણસુંદરી એની પાછળ સતી થઇ

કચ્છથી પાછા આવતા માધવે બધી વાત જાણી તે ગુસ્સે થઇ દિલ્હીના મુસલમાન પાદશાહને મળ્યો ને તેને ગુજરાત જીતવા સમજાવ્યુ પાદશાહે ગુજરાત ઉપર સૈન્ય મોકલ્યુ તેમની સાથે લડતા કરણદેવ હાર્યો ને નાસી ગયો પાદશાહે તેની રાણી કૌલાદેવીને પકડી પોતાની બેગમ બનાવી પાછળથી કરણની દીકરી પણ પકડાઈ ને તેને શાહજાદા સાથે પરણાવી

વાર્તા ૮ પરદેશી જાતોનું આવી વસવું

આ રાજાઓના અમલમા ઘણા મુસલમાન લોકો વેપાર માટે આ દેશમા આવી વસવા લાગ્યા ઇરાનના એક મુસલમાન વેપારીએ મહારાજા અર્જુનદેવની રજાથી સોમનાથમા મસીદ બધાવી કેટલાક મુસલમાનોને એ મહારાજાએ પોતાની નોકરીમા રાખ્યા હતા

મુસલમાનો પછી સિધમાથી સોડા રજપુતો ને મારવાડમાથી ગોહિલ રજપુતો સોરાષ્ટ્રમા આવી વસ્યા સોડાઓએ વાઘેલા પાસેથી

ને ગોહિલોએ જુનાગઢના રા ખેગારજી પાસેથી જાગીરો મેળવી પોતાના સ્વતત્ર રાજ્ય સ્થાપ્યા સોઢાના વશજો હાલમા મૂળીમા ને ગોહિલના વશજો લાઠી ને પાલીતાણામા રાજ્ય કરે છે

વાર્તા ૯ પ્રજાની સામાન્ય સ્થિતિ.

વાઘેલા રાજાઓના અમલમા દેશ આબાદ હતો ને પ્રજા બધી રીતે સુખી હતી મુખ્ય ધધો ખેતી ને વેપાર હતો. ખેતીનુ મહેસુલ બહુ ભારે ન હતુ લોકોનુ આરોગ્ય સારૂ હતુ વેરા થોડા હતા વેપાર ચડતો હતો ખભાત ને સોમનાથ બદર આબાદ હતા કચ્છના બદરોએ પણ સારો વેપાર ચાલતો ઘણા અરબ ને ઇરાની વેપારીઓ ખભાતમા આવી વસ્યા હતા અને ઘણા ગુજરાતીઓ ઇરાનમા વસ્થાન જમાવી રહેતા હતા કચ્છ ને સોરાષ્ટ્રને કિનારે ચાચીઆનો ત્રાસ ભારે હતો ચીન અરબસ્તાન ને મોકાદ્રા સુધી તેઓ લટફાટ કરતા

દેશમા શૈવ ને જૈનધર્મ શાન્ત રીતે ચાલતા મુસલમાની ધર્મ નવો દાખલ થયો વસ્તુપાળ તેજપાળે સુદર દહેરા બધાવી દેશની શોભા વધારી ધર્મની બાબતમા રાજાઓ ઉદાર હતા આ કાળ શાતિનો હોવાથી અને રાજાઓ વિદ્યારસિક હોવાથી સાહિત્યમા સારો વધારો થયો દૂર દેશના ઘણા વિદ્વાનો પાટણમા આવી રહ્યા હતા. રાજાને સરદારો એટલા બધા વિદ્યારસિક હતા કે સાજ સુધી વિવાદ સાભળતા ને કેટલીક વખત સાજનુ વાળુ પણ દરબારમાજ કરતા ' એ વિદ્વાનોમા સોમેશ્વર નાનાક, ને અમરચદ મુખ્ય હતા

પાદશાહી અમલ ભાગ ૪ થો.

વાર્તા ૧ સુબાઓનો અમલ

આપણે પાછળ જોયુ તેમ ઇ સ ૧૨૯૭ થી ગુજરાતમા દિલ્હીના પાદશાહની સત્તા સ્થાપન થઇ આ દેશ પર અમલ કરવા પાદશાહ તરફથી એક સુબો આવતો સો વરસ સુધી એ પ્રમાણે ચાલ્યુ એમના અમલમા ગુજરાતની સ્થિતિ કગાલ બની ગઈ ધર્મના ઝનુન અને રાજ્ય વધારવાની ધેલછાથી તેઓ રૈયત ઉપર ઘણો જુલમ કરતા હિદુઓની માલમિલ્કત અને જમીનજાગીર પણ તેઓ ખુચવી લેતા આમ છતા પ્રજામા સ્વતત્રતાનો જુસ્સો કઇક બાકી હોવાથી તે વારવાર સુબા સામે થતી આથી હમેશા દેશમા બખેડા ચાલ્યા કરતા અને તેથી પ્રજાની સુખશાતિનો નાશ થતો

ખેતીવાડીનુ કામ ઘણુ કરીને હિદુઓ કરતા રાજ્ય તરફથી બીજા ધધામા તેમને ઉત્તેજન મળતુ નહિ વેરા ઉઘરાવનારા આ લોકોને નીચોવી નિર્ધન બનાવી દેતા ખેતી સિવાય સુતર કાતવાનો અને કાપડ વણવાનો ઉદ્યોગ સારો ચાલતો હતો પણ પહેલાનાથી તેનો વેપાર મદ પડી ગયો. વિદ્યાકળાનો તો છેક નાશ થઈ ગયો લોકોને ન્યાય પણ બરાબર મળતો નહિ આ રીતે આખુ સૈકુ પ્રજાએ દુખમા ગાળ્યુ

વાર્તા ૨ સ્વતંત્ર સલ્તનતની સ્થાપના

પાછલા વખતમા દિલ્હીના પાદશાહો નબળા પડવાથી છેલ્લા સુબા ઝફરખાને ગુજરાતમા સ્વતત્ર રાજ્યસત્તા સ્થાપી ઇ સ ૧૪૦૩

ઝફરખાનના દીકરા તાતારખાને દિલ્હી જીતવા એ વખત પ્રયત્ન કર્યો પણ રસ્તામા તેને કોઇએ મારી નાખ્યો એ તાતારખાનનો દીકરો

અહમદ નામે હતો એને એના મિત્રોએ સમજાવ્યુ કે, તારા બાપને મારનારા તારા દાદાના મળતીઆ હતા આમ કહી તેને વેર વાળવા ઉશ્કેર્યો એ ઉપરથી અહમદે પોતાના દાદાને ઝેરનો પ્યાલો પીવાની ફરજ પાડી ઝફરખાને તેને કહ્યુ, દીકરા ! આમ શા માટે તુ ઉતાવળ કરે છે ? આ રાજ્ય તારૂજ છે છતા અહમદે માન્યુ નહિ તેથી ઝફરખાન ઝેરનો પ્યાલો પી મરણ પામ્યો.

મરતી વખતે તેણે અહમદને શિખામણ દીધી કે, જે માણસોએ તને આ સલાહ આપી હોય તેમને તુ મારી નાખજે નેકીથી રાજ્ય કરજે ને કોઇ દિવસ દારૂ પીશ નહિ અહમદે આ શિખામણ માની પોતાના ઘાતકી કામથી પછી તેને ઘણો પસ્તાવો થયો તેથી એ જીવતાં સુધી કદી હસ્યો નહિ !

વાર્તા ૩ અહમદશાહનો અમલ

અહમદશાહ ગાદીએ બેઠો કે તરત વડોદરાના [illegible] ીને બળવો કર્યો એના પક્ષમા ઘણા હિંદુ ઠાકોરો હતા તેમ [illegible] વાન જીવણરાય નામે હતો એ જીવણરાયે નડિયાદ આગળ પાદશાહી ફોજને હરાવી કાઢી પાછળથી માહોમાહેની તકરારમા એ મરાયો

દેશના રક્ષણ માટે રાજપૂત રાજાઓએ બધાવેલા કિલ્લા જીર્ણ થઇ ગયા હતા આ સુલતાને તે ફરી સમરાવ્યા ને ત્યા લશ્કરી થાણા રાખ્યા

માહીમ બેટ આ વખતે ગુજરાતને તાબે હતો તે દક્ષિણના સુલતાને જીતી લીધો સુલતાને દીવ, ઘોઘા ને ખભાત બદરેથી ૧૭ વહાણોનો કાફલો મોકલી એ બેટ ફરીથી જીતી લીધો બીજે વરસે જબરી સેના લઈ તે રાજસ્થાનમા ગયો ને ત્યાના રાજાઓને નમાવી ખડણી લીધી

આ સુલતાન જેમ બહાદુર હતો તેમ ન્યાયી પણ હતો એક વખત એના જમાઇએ કોઈનું ખૂન કર્યું એથી કાજીએ તેનો દડ કર્યો. સુલતાનને એ ન્યાય ન ગમ્યો તેણે ખૂનીને ભરબજારમા ફાંસીએ ચડાવ્યો !

વાર્તા ૪ અમદાવાદની સ્થાપના.

આ સુલતાનના ગુરુનુ નામ શેખ અહમદ હતું તે ઘણા પવિત્ર પુરુષ હતા સુલતાન તેમને ઘણું ચાહતો અને તેમના ખરચ માટે વરસ દહાડે સાડાસાત લાખ રૂપીઆ આપતો *

સાબરમતી નદીના કાઠાની જમીન રમણીય હોવાથી સુલતાને ત્યા શહેર વસાવી રાજધાની કરી પોતાના નામ ઉપરથી એ શહેરનુ નામ અમદાવાદ પાડયુ શહેરના લોકોને પાણી પુરૂ પાડવા તેણે હાથમતી નદીનો પ્રવાહ બદલ્યા શહેરને આબાદ કરવા સુલતાને ઘણા પ્રયત્નથી દૂરના મુલકોમાથી વેપારીઓ, વણકરો ને કુશળ કારીગરોને બોલાવી વસાવ્યા. પાટણના અને બીજા ભાગોના વેપારી અને કારીગરો અમદાવાદમા આવી વસવા લાગ્યા ધીમે ધીમે શહેરની વસ્તી વધી આઠ લાખની થઈ

હજી અમદાવાદ પાટનગર છે ત્યાનો રેશમ તથા કનબનો વણાટને કાગળ ઘણા વખણાય છે ઇ સ ૧૮૫૯ મા ત્યા મિલની શરૂઆત થઈ ને ૧ ૬૫ થી ગાડી શરૂ થઈ હાલ શહેરમા કાપડ વણવાની ૫૪ મિલો ને ૫ । કારખાના છે પાદશાહી વખતના જુના મકાનો હજીપણ તે વખતની ઉંચી કારીગરીના સાક્ષી પુરી રહ્યા છે

વાર્તા ૫ સુલતાન કુતુબશાહ

સુલતાન અહમદના મરણ પછી તેનો દીકરો મહમદશાહ ગાદીએ આવ્યો પણ એક સરદારે તેને મારી નાખ્યો તેથી તેનો દીકરો કુતુબશાહ ગુજરાતનો સુલતાન થયો

એના અમલમા માળવાનો સુલતાન ભરૂચ ને વડોદરા લૂટી નડી યાદ આવી પહોચ્યો એક રાતે તેનો ગાડો હાથી છાવણીમાથી નાસી શહે-

*ગુ શા પત્ર પુ ૪૪ અક ૯

રમા ગયો નડીઆદના બ્રાહ્મણોએ એને મારી નાખ્યો એથી સુલતાન નવાઇ પામ્યો એણે વિચાર્યું કે અહીના બ્રાહ્મણો આવા બહાદુર છે તો પછી બીજા લોકો કેવા હશે ? અહીથી પાછો ફરી તે કપડવંજ ગયો ત્યા કુતુબશાહ આવી પહોચ્યો બને વચ્ચે યુદ્ધ થયુ તેમા ગુજરાતની સેનાએ જીત મેળવી પણ કુતુબશાહનો તાજ અને કમરપટો દુશ્મનોના હાથમા ગયા

આ સુલતાને અમદાવાદ પાસે કાંકરીઉ નામે સુંદર સરોવર બંધાવ્યુ એ હજી સુધી કાયમ છે

વાર્તા ૬ રા'માંડળિક

કુતુબશાહના મરણ પછી તેનો ભાઇ મહમદ અમદાવાદનો સુલતાન થયો એણે પાવાગઢ ને જુનાગઢ એ બે જબરા ગઢ જીત્યા તેથી બેગડો કહેવાયો

એ વખતે જુનાગઢની ગાદીએ રા'માંડળિક ત્રીજો રાજ્ય કરતો હતો. એના પિતાએ એને ઘણી સંભાળથી વિદ્યા ભણાવી હતી પણ નઠારી સોબતને લીધે એ બગડયો હતો એના વખતમા જુનાગઢમા નરસિંહ મહેતા થયા એ ઇશ્વરના મોટા ભક્ત હતા ખટનાડ માણસોની શિખામણથી રાજાએ એમને હેરાન કર્યા વળી એના રાજ્યમા નાગબાઇ નામની એક પતિવ્રતા સ્ત્રી હતી તેના રૂપથી મોહ પામી રાજાએ તેને હેરાન કરી આથી કરી પ્રજાની પ્રીતિ એના ઉપર નહતી

સુલતાન મહમદે ત્રણ વખત જુનાગઢ ઉપર ચડાઇ કરી છેલ્લી ચડાઇમા રાજા હારી સુલતાનને શરણે આવ્યો સુલતાને એને મુસલમાન કર્યો, ને એના દીકરાને નાની જાગીર આપી જુનાગઢનુ રાજ્ય ખાલસા કીધુ

સુલતાને ગીરનાર પાસે મુસ્તફાબાદ નામે શહેર વસાવી ત્યા રાજધાની બનાવી હતી

વાર્તા ૭ પાવાગઢ ઉપર ચઢાઇ

ઇ સ ૧૪૮૨ મા ગુજરાતના કેટલાક ભાગમા દુકાળ પડયો એ વખતે ચાપાનેરના રાજ્યમા સારો પાક થયો હતો તેથી સરહદના માણસો લૂટફાટ કરતા તમને ચાપાનેરના રાજાએ કેદ કર્યા એ ઉપરથી સુલતાન મહમદે ચાપાનેર ઉપર ચડાઈ કરી એ વખતે સુલતાનને સાવલીના દેસાઓએ સારી મદદ આપી હતી ×

સુલતાને પાવાગઢને ઘેરો ઘાલ્યો દોઢ વરસ સુધી ઘેરો રહ્યો પણ તે જીતાયો નહિ આખર અનાજની તાણ પડવાથી રાજાએ બહાર નીકળી યુદ્ધ ચલાવ્યુ પોતાની જીત નહિ થાય એમ જણાયાથી રજપૂતો કેસરીઆ કરી કપાઈ મુઆ ને તેમની સ્ત્રીઓ ચિતા સળગાવી જીવતી બળી મુઇ

રાજા ને તેનો મત્રી સુલતાનના હાથમા કેદ પકડાયા સુલતાનના કહેવા પ્રમાણે તેઓ મુસલમાન થયા નહિ તેથી તમને મારી નખાવ્યા ગઢ હાથમા આવ્યા પછી સુલતાને ચાપાનેરની આસપાસ કોટ બધાવી ત્યા પોતાની રાજગાદી કરી એ શહેરનુ નામ મહેમદાબાદ પાડયુ એમા સુદર બાગબગીચા બનાવ્યા એની આસપાસ સુખડનુ મોટુ વન હતુ

વાર્તા ૮ હમીરજી ગોહિલ.

ઈ સ ૧૪૯૦ મા સુલતાને સોમનાથ પાટણ ઉપર ચડાઇ કરી. મુસલમાની સેના ગામો લુટતી ને હિદુ દેવળો તોડતી સોમનાથ તરફ ધસી લાઠીના રાજકુમાર હમીરજીએ તે જોઈ પોતાની ભાભીને કહ્યુ, જુઓને. મુસલમાનો સોમનાથનુ દેવળ તોડવા ધસ્યા જાય છે ! જો રજપૂતનુ બીજ રહ્યુ હોય તો આમ બને નહિ ભાભીએ કહ્યુ શુ તમે રજપૂત નથી ? આ સાભળી હમીરજીને જુસ્સો ચડયો ડકો વગાડી પોતાના ૨૦૦ માણસ

× જુઓ 'ગુજરાતનુ નૂર' પૃ૯ ૩

સાથે તે સોમનાથના રક્ષણ માટે ચાલી નીકળ્યો રસ્તામા તેનો મિત્ર વેગડો ભીલ મળ્યો તે પણ તેની સાથે જોડાયો હમીરજી સોમનાથના કિલ્લાની અંદર ને વેગડો બહાર રહી મુસલમાનો સાથે લડયા હમીરજીએ વેગડાને બારીમાથી અંદર બોલાવ્યો પણ વેગડો મહા ટેકીલો શૂરવીર હતો તે માથુ નમાવી બારીમા પેઠો નહિ! બહાર રહી તેણે મુસલમાની સેના ઉપર જોસથી મારો ચલાવ્યો પણ આખરે તે મરાયો હમીરજી પણ બહાદુરીથી લડતા લડતા કપાઈ મુઓ

વાર્તા ૯ ગુજરાતનું નૌકાબળ.

આ વખતે અમદાવાદના સુલતાનોની સત્તા દરીઆ પર સર્વોપરિ હતી સૌરાષ્ટ્રમા ચાચીઆ લોકોનુ જોર વધી ગયુ હતુ એ લોકોએ મહમદ સમરકંદી નામે મુલ્લાનુ વહાણ દ્વારકા પાસે લૂટયુ એ ઉપરથી સુલતાને ત્યા જઈ તેમને હરાવ્યા

ઇ. સ. ૧૪૯૪ મા દક્ષિણના બ્રાહ્મણી સુલતનના અમીર બહાદુર ગેલાનીએ ગુજરાતના કેટલાક વહાણ પકડયા એથી અમીરને સજા કરવા ગુજરાતનુ નૌકા સૈન્ય દક્ષિણમા ચાલ્યુ પણ એટલામા એ અમીરનુ માથુ કાપી બાહ્મણી સુલતાને ગુજરાતના સુલતાનને મોકલ્યુ તથા સાથે નુકસાની પણ ભરી આપી એથી આપણુ સૈન્ય પાછુ ફર્યું

આ વખતે ગુજરાતના બંદરોમા ફિરંગી લોકો આવ્યા હતા તેમણે રાંદેરનાં સોદાગરોના વહાણો લૂટયા એ વખતે તુર્કીનો નૌકાધિપતિ ૧૨ વહાણોનો કાફલો લઇ ગુજરાતને કિનારે આવ્યો હતો તેની સાથે મળી સુલતાને ચૌલ બંદર આગળ ફિરંગીઓ પર હલ્લો કર્યો ત્યા ભારે યુદ્ધ થયું તેમા ફિરંગી લોકો હારી ગયા

વાર્તા ૧૦ સુલતાનનાં સારાં કામો

આ સુલતાનને ઝાડ રોપાવવાનો અને નકશીદાર મકાનો બંધાવવાનો ઘણો શોખ હતો મુસ્તફાબાદ ને મહમુદાબાદ ઉપરાંત વાત્રક નદીને કાંઠે એણે મહેમદાવાદ શહેર વસાવ્યું આ ઉપરાંત એણે પુષ્કળ મસીદો, મુસાફરખાના ને પાઠશાળાઓ બંધાવી હતી

ઝાડોનો બહુ શોખ હોવાથી એણે અમદાવાદની આસપાસ ઝાડોની સુંદર ઘટા જમાવી મહુડાને ઝાડ ઉછેરવા બદલ તે ભારે વખણાયો આ સુલતાનના વખતમા અહીં દ્રાક્ષ બહુ થતી

એણે રાજ્યનો બંદોબસ્ત ઠીક રાખ્યો હતો લુટારા ને ચોરીઓનો નાશ કરી એણે રૈયતને સુખ આપ્યું તે ખેડુતો પાસથી ઠરાવેલુજ જમીન મહેસુલ લેતો લશ્કરી અમલદારોને વ્યાજે નાણા લેવા પડે નહિ માટે એણે બંક કાઢી હતી *

વાર્તા ૧૧ મુઝફ્ફરશાહ બીજો

સુલતાન બેગડા પછી તેનો દીકરો મુઝફ્ફરશાહ ગાદીએ આવ્યો એ વખતે ઇડરના રાવ ઉટકાટ કરતો હતો તેથી સુલતાને તેને હરાવી નરમ પાડ્યો

માળવાનો સુલતાન મેદનીરાય બહુ બળવાન થઇ પડ્યો હતો મુઝફ્ફરે તેને હરાવી પહેલા ગુમાવેલા તાજ ને કમરબંધ પાછા આણ્યા

નિઝામખાન નામના એક સરદારે ચિતોડના સંગ રાણાનુ અપમાન કર્યું એથી ગુસ્સે થઇ સંગ રાણો ગુજરાત ઉપર ચડ્યો ને અમદાવાદની ઉત્તરનો મુલક ઉજ્જડ કરી પાછો ગયો સુલતાન એ વેર વાળવાની તૈયારી કરતો હતો એવામા રાણાનો કુંવર ભારે નજરાણું લઇ અમદાવાદ આવ્યો તેથી સુલતાને ચડાઇ બંધ રાખી

---

* ગુ શા પત્ર પુ ૪૪ અંક ૧૦

આ વખતે રાંદેર ગામ આબાદ હતુ ત્યાના સોદાગરોનો દરિઆઇ વેપાર બહુ ભારે હતો રાંદેરના સામે કિનારે ગોપી નામના માણસે શહેર વસાવ્યુ પાછળથી એ શહેરનુ નામ સુરત પડયુ એથી ખૂશ થઇ સુલતાને ગોપીને ભારે માન આપ્યુ સુલતાને શહેરના રક્ષણ માટે એક કિલ્લો બ ધાવ્યો

વાર્તા ૧૨ સુલતાનનાં સદાચરણ.

આ સુલતાન ઘણો ધર્મિષ્ઠ ને વિદ્વાન હતો દારૂ ઉપર તેને ભારે તિરસ્કાર હતો એક વખત એનો વહાલો ઘોડો માંદો પડયો તેથી દવા તરીકે તેને દારૂ પાવા પડયો એ ઉપરથી સુલતાને એ ઘોડા ઉપર બેસ વાનુ પણ બ ધ કર્યુ ! એ ઘણો શાત સ્વભાવનો હતો એટલો બધો દયાળુ હતો કે વખતે ગુનેગારને પણ છોડી દેતો !

રૈયતના સુખ માટે એ ઘણી કાળજી રાખતો એના અમલમાં એક વખત દુકાળ પડયો. તે વખતે રૈયતને દુ ખી થતી જોઈ એણે પ્રાર્થના કરી કે હે પ્રભુ ! મારા પાપ માટે જો તુ મારી પ્રજાને પીડતો હોય તો ખુશીથી મારા પ્રાણ લ પણ મારી પ્રજાને આ દુ ખથી બચાવ એમ કહેવાય છે કે એ પછી પુષ્કળ વરસાદ થયો ને સુલતાન મરણ પામ્યો ઈ સ ૧૫૨૬

વાર્તા ૧૩ સુલતાન બહાદુરશાહ

મુઝફ્ફર પછી તેનો દીકરો બહાદુરશાહ સુલતાન થયો એણે માળવા ઉપર ચડાઇ કરી માડુ ગઢ જીત્યો

આ વખતે ખ ભાત, દીવ ને ઘોઘામા ગુજરાતનુ નૌકા સૈન્ય રહેતુ ફિરગી લોકો દીવ બ દર જીતવા ટમટમી રહ્યા હતા. એ સાભળી સુલતાન

ખભાત ગયો સુલતાનને જોઇ ફિરંગી લોકો ખભાત છોડી નાસી ગયા તેમની એક તોપ સુલતાનના હાથમા આવી

દિલ્હીના પાદશાહ હુમાયુ સાથે બહાદુરશાહને લડાઇ થઇ સુલતાન હારી દીવ નાસી ગયો ત્યા તેણે ફીરંગી લોકોની દોસ્તી કરી તેમને કોઠી બાધવાની રજા આપી ફીરંગી લોકોએ દીવને ફરતો મજબુત કિલ્લો બાધ્યો એથી ગુસ્સે થઈ સુલતાને દીવ જીતી લીધુ પાછળથી એ લોકોએ સુલતાનને કપટથી મારી દીવ લીધુ તે વખતથી આજસુધી એ બદર ફિરંગીઓના તાબામા છે

આ સુલતાને ગુજરાતની સીમા ને ગૌરવ વધ્યા વધાર્યાં સિધ. માળવા, અહમદનગર, બુરાનપુર ને ડુગરપુરના રાજાઓ ગુજરાતની સલ્તનતના તાબામા હતા બાગલાણના રાજાએ તો પોતાની કુવરી ખુશીથી આ સુલતાનને પરણાવી હતી

વાર્તા ૧૪ સલ્તનતનો નાશ.

બહાદુરશાહના મરણ પછી અમદાવાદના સુલતાનો નબળા નીવડયા એમણે રજપૂત ઠાકોરોની જાગીરો ખાલસા કરી તેથી દેશમા ઠામ ઠામ બૂડ જાગ્યા રાજ્યમા આવા બખેડા ચાલવાથી ગુજરાત બહારના રાજાઓ પણ સ્વતત્ર થઇ ગયા

આ વખતે સુરત બદરનો વેપાર ને વસ્તી ઘણા વધ્યા હતા. સુલતાને તેને ફરતો કોટ બધાવી ત્યા એક સુબો નીમ્યો આ વખતે તુર્કીના સુલતાને પોતાના તરફથી એક તોપ સુરત બદરે ગુજરાતના સુલતાનને ભેટ મોકલી.

છેલ્લો સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો થયો અમીરો એને વશ રહ્યા નહિ ને દેશમા અધેર ચાલ્યુ. એક અમીરે દિલ્હીના પાદશાહ અકબરને ગુજરાત જીતવા બોલાવ્યો અકબર ખુશીથી આવ્યો ને ગુજરાત જીતી લીધું. ઈ. સ. ૧૫૭૩ સુલતાનને કેદ કરી અકબર આગ્રે લઇ ગયો, પણ

દસ વરસ પછી તે ત્યાંથી નાઠો ને ગુજરાતમાં આવ્યો એણે અમદાવાદ જીતી લીધુ પણ પાછળથી હારી નાઠો કચ્છના રાવે તેને પકડી અકબરને નામે કર્યો, ત્યા તે આપઘાત કરી મરણ પામ્યો આમ ગુજરાતની સલ્તનત નાશ પામી

વાર્તા ૧૫ સલ્તનતની શ્રેષ્ઠતા.

ઇ સ ૧૪૦૩ મા ઝફરખાને ગુજરાતની સલ્તનત સ્થાપી સુલતાન અહમદશાહે એને મજબુત કરી, મહમુદ બેગડાએ આબાદ કરી અને બહાદુરશાહે એને પરિપૂર્ણ કળાએ પહોચાડી જમીન પર અને દરિયા પર એની સત્તા સર્વોપરિ હતી.

આ સમયમા જુનાગઢ ને ચાપાનેરના હિદુ રાજ્ય તૂટયા અને જામનગરનુ રાજ્ય સ્થપાયુ કચ્છના રાજા જામ ખેંગારજીએ ભુજ વસાવી ત્યા ગાદી કરી વીરપુરના સોલકી રાજા વિરસિહે લુણાવાડા વસાવી ત્યા ગાદી ફેરવી સુરત, અમદાવાદ ને મહેમદાવાદ પણ આ સમયમા વસ્યા અને આબાદ થયા આ ઉપરાત સુલતાનોએ ઘણી સુદર ઇમારતો બધાવી દેશની શોભા વધારી. એથી પ્રજામા હુનરકળાનો વધરો થયો બેગડાએ કસબી કામ કરનાર ઘણા કારીગરોને અમદાવાદમા વસાવ્યા હતા. તે વખતનુ નકશીકામ ઘણુ સુદર છે ભાલદરવાજા પાસેના રોજાની જાળીનો નમુનો આજે પણ આખી દુનિયામા મળવો મુશ્કેલ છે ! મુસલમાનો અહી સ્થાયી વસ્યા તેથી આ લાભ થયો. તેમણે હિદુઓની કેટલીક સુદર ઇમારતો તોડી તેમણે નુકશાન પણ કર્યું છે.

વાર્તા ૧૬ સામાન્ય સ્થિતિ

આ સુલતાનોના અમલમા હિદુ પ્રજાને દુઃખ પડયું પ્રજાને ન્યાય ચોકખો મળતો નહિ. પરદેશો પર ચડાઇઓ લઇ જવાના લોભમા સુલ-

તાનો રાજવહીવટ પર પુરતું ધ્યાન રાખી શકતા નહિ કોઇ કોઇ સુલ-તાનો હિદુ ઠાકોરોની કન્યાઓને બળાત્કારે પરણતા તેથી એ ઠાકોરો બહારવટે નીકળતા પણ એથી દુખ તો પ્રજાનેજ પડતુ

જમીન મહેસુલ ઉપજના ત્રીજા ભાગ જેટલુ લેવાતુ કેટલીક વખત ઉઘરાતદારો તરફથી પ્રજાને કનડગત થતી સામાન્ય રીતે રાજવહીવટમા હિદુઓને ભારે હોદ્દા ન મળતા. તેમ છતા જરૂર પડતી ત્યારે કાબેલ હિદુઓને મોટા અને માન ભર્યા હોદ્દા આપતા નાગરો ને કાયસ્થોમા હકીકત, સૈયદ, કાજી વગેરે અટકો એના પુરાવા રૂપે રહેલી છે

દરિઆઈ વેપાર ધમધોકાર ચાલતો હતો ભરૂચ, સુરત, ખભાત ને માડવી મોટા બદર હતા. સુરતી ને અમદાવાદી કાપડ પરદેશોમા બહુ વખણાતુ ખભાતના એક ગુજરાતી વપારીની મદદથીજ વાસ્કોડા ગામા આફ્રિકાથી અહીં આવ્યો હતો

રાજ્ય તરફથી મદદ ન મળવાથી સસ્કૃત ભાષાની પડતી થઇ ને ગુજરાતી ભાષામા પુસ્તકો લખાવા માડયા ભાલણને નરસિહ મહેતા આ સમયના પ્રસિદ્ધ કવિઓ છે દેશમા ફારસી ભાષા નવી દાખલ થઇ નરસિહ મહેતાએ કૃષ્ણ ભક્તિમા લોકોનુ ધ્યાન ખેચ્યુ ત્યાર પછી સો વરસે વલ્લભ સપ્રદાય દાખલ થયો એથી લોકાના આચાર વિચારમા સુવડતા આવી

ભાગ ૫ મો.

વાર્તા ૧ મહાન અકબર.

અકબરે ગુજરાત જીતી રાજ્ય વહીવટમા સારો સુધારો કર્યો તેણે પ્રજાને ગમે તે ધર્મ પાળવાની છૂટ આપી. હિંદુ લોકોને સરકારી નોકરીમા મોટા હોદ્દા આપવા માડયા રૈયત ઉપરના કેટલાક કર માફ કીધા. પોતાના સરદાર ટોડરમલ પાસે જમીનની માપણી કરાવી મહેસુલ નક્કી કર્યું એથી ખેડુતોને ઘણો ફાયદો થયો

આ પાદશાહે વસોના અજુ પટેલને દિલ્હી બોલાવી સારૂ માન આપ્યુ ને કેટલુક વર્ષાસન પણ બાધી આપ્યુ પ્રસિદ્ધ જૈન વિદ્વાન હિરવિજય સુરિને તેણે ઘણા માનથી ગુજરાતમાથી પોતાના દરબારમા તેડાવ્યા એમના ઉપદેશથી પાદશાહે હિસા નહિ કરવાના, જજીયાને જાત્રાળુ વેરા નહિ લેવાના હુકમ કાઢયા

પૈસા ટકે પ્રજા સુખી થઇ રાજ્ય તરફથી વેપાર ઉદ્યોગને સારૂ ઉત્તેજન મળ્યુ દેશમા પૈસો ટકો ઘણો હોવાથી બધી ચીજો ઘણીજ ×સોંઘી વેચાતી

વાર્તા ૨ બીજા પાદશાહો

અકબર પછી તેનો દીકરો જહાગીર પાદશાહ થયો એણે કાયદો કરી લોકોને દારૂ પીતા અટકાવ્યા મોટા શહેરોમા દવાખાના કાઢયા અને

× આપણા ૧ મણ ઘઉની કિમત ૦-૨-૦ ચોખાની કિમત -૫-૦ તેલની કિમત ૧-૦ ૦ ને ઘીની કિમત ૧-૫-૦ હતી !

પ્રજાને વ્યાજબી ન્યાય મળે એવી ગોઠવણુ કરી એક વખત તે ગુજરાતમા પણુ આવ્યો હતો એના અમલમા અગ્રેજ લોકો પહેલ વહેલા સુરત આવ્યા પાદશાહે તેમને સુરત, ખભાત, અમદાવાદ ને ઘોઘામા વેપાર કરવાની રજા આપી

પછી શાહજહા પાદશાહ થયો ગુજરાતમા એ સુબો થઈ આવ્યો ત્યારે અમદાવાદમા એણે શાહીબાગ બધાવ્યો હતો હજી પણુ એ મહેલ છે સવત ૧૬૮૭ મા મોટો દુકાળ પડયો તે વખતે સરકારે સુરત અમદાવાદ વગેરે શહેરોમા મોટા અન્નક્ષેત્ર ઉઘાડયા હતા

ત્યાર પછી ઔરગઝેબ પાદશાહ થયો. એણે કીનખાબના વણાટને ઉત્તેજન આપ્યુ કેફી પીણા પીવાની મધી કરી ને ખેડુતોને તગાવી આપવાનો ધારો કર્યો અમદાવાદમા ટકશાળ કાઢી તેમા તાંબાના સિક્કા પડાવ્યા ઈ સ ૧૮૫૦ મા તે બધ થઇ આ પાદશાહના વખતમા હિદુ પ્રજાને અતિશય દુખ પડયુ તેના જુલમને લીધે પાછળથી તેની સત્તા નાશ પામી

વાર્તા ૩ સુરતની સમૃદ્ધિ

અકબરે ગુજરાત ઉપર અમલ ચલાવવા બે સુબા મૂકયા હતા એક અમદાવાદમા ને બીજો સુરતમા દિલ્હીના પાદશાહો નબળા પડયા એટલે સુરતના સુબા સ્વતત્ર થઇ ગયા આ વખતે સુરત આબાદીની ટોચે પહોચ્યુ આજુ બાજુના પ્રદેશનુ રૂ ત્યા કતાતુ ને તેનુ કાપડ પણુ ત્યાજ વણાતુ ત્યા પુષ્કળ વણકરો રહેતા તેઓ પૈસાદાર ને સુખી હતા

ઇ સ ૧૬૦૮ મા અગ્રેજો આ બદરે ઉતર્યા તેઓ અહીના વણકરોને અગાઉથી રૂપીઆ આપી તેમની પાસે કાપડ વણાવી યુરોપમા લઇ જતા

મોગલ પાદશાહોની પડતી વખતે સુરતની પણ પડતી દશા આવી. ઇ સ ૧૭૫૯ થી ત્યાના નવાબે સુરતના કિલ્લાનું અને બન્દરનુ ઉપરીપણુ અગ્રેજોને સોપ્યુ ઇ સ ૧૮૦૦ સુધીમા તો નવાબની કુલ સત્તા અગ્રેજોના હાથમા આવી તેમણે નવાબને એક લાખ રૂપીઆનુ પેન્શન બાધી આપ્યુ સારા વખતમા સુરતની ગાદી ૪૦ લાખની ગણાતી

વાર્તા ૪ શ્રીકૃષ્ણ અર્જુન ×

સુરતનો આ ધનાઢ્ય શરાફ જાતે નાગર બ્રાહ્મણ હતો ઇ સ. ૧૮૦૫ મા અગ્રેજોને નાણાની તાણ પડી તે વખતે મુબઇના ગવર્નરે સુરતના એજટને લખ્યુ કે તમારે ત્યા કોઇ શાહુકાર વ્યાજે નાણા આપે એવો છે ‘ એ વખતે સુરતની શાખને ખાતર આ શાહુકારે વગર વ્યાજે ને વગર શરતે ૩૨ લાખ રૂપીઆ અગ્રેજોને આપ્યા ' અ । મગકારે એને કલકત્તાની કૌસિલનો મેમ્બર ઠરાવ્યો તે વખતથી એ ક પનીનો શરાફ કહેવાયો એક વખત ગાયકવાડ સરકારને પણ એણે ૨૮ લાખ રૂપિઆ ધીર્યા હતા એણે ૩ લાખ રૂપીઆ ખરચી સુરતમા લાલાજીનુ દેવળ બધાવ્યુ છે ઇ સ ૧૮૦૪ મા દુકાળ પડયો ત્યારે એણે પુષ્કળ પૈસા ખરચી ગરીબ લોકોને મફત અનાજ આપ્યુ હતુ ધન્ય છે આવા શ્રીમતોને '

વાર્તા ૫ પ્રજાની સ્થિતિ

મોગલ પાદશાહોના લગભગ ૨૫૦ વરસના અમલમા ગુજરાતમા ઘણા ફેરફાર થયા અમલની શરૂઆતમા દેશ આબાદ ને લોકો પૈસે ટકે સુખી હતા પણ એ પાદશાહો ને સુબા પરદેશી હોવાથી ગુજરાતને પોતાનુ માનતા નહિ આથી કરી એમના અમલમા દેશને જાથુનો કઇ લાભ થયો નહિ સારી રાજ્યનીતિથી પ્રજા સુખી થઇ એ ખરૂ

— નર્મગદ્ય

આ અરસામા વાકાનેર, રાજકોટ, ગોડળને પાલણપુરના રાજ્ય નવા સ્થપાયા કેટલાક પાટીદારો રજવાડાને આધારે લડાઈઓ લડતા શીખ્યા. એક સુબાએ વસનદાસ પટેલને પેટલાદની હકુમત આપેલી સાવલીના એક પટેલ દિલ્હી ગએલા ને ઔરગજેબ પાસેથી દેસાઇગીરી ઉઘ-રાવવાનો હુકમ લાવેલા

આ વખતે સુરત બદરનો વેપાર પરદેશો સાથે ધમ ધોકાર ચાલતો હતો પાછલા ભાગમા અંધેરને અવ્યવસ્થા ચાલ્યા લડાઈ ટટાને લીધે પ્રજા હેરાન થઇ અને ઘણા નાના રાજ્યો સ્થાપન થયા

જૈન લોકો ઉપર પાદશાહોનો સારો ભાવ રહેતો એમના માહો-માહેના ઝઘડા પાદશાહો પતાવતા. એમની લાગણીને માન આપી પ્રાણી-ઓની હિસા નહિ કરવાના હુકમો પણ કાઢયા હતા

ધર્મના વિષયમા શ્રીકૃષ્ણની ભક્તિનો પ્રચાર થયો પાટીદાર જેવા લોકોમા પણ હવે વિદ્યાનો શોખ વધ્યો હતો અખો, પ્રેમાનદ ને શામળ એ આ વખતના મોટા કવિઓ હતા એમણે પુષ્કળ ગ્રંથો લખ્યા છે.

ભાગ ૬ ઠો.

વાર્તા ૧ મરાઠી રાજ્ય

મોગલ પાદશાહોની પડતીના અમલમા ગુજરાતમા મરાઠી સત્તા જામી મરેઠાઓનુ રાજ્ય દક્ષિણમા હતુ. ત્યાના શાહુ મહારાજાએ પિલાજીને ગુજરાતનો સેનાપતિ ઠરાવ્યો. પિલાજીએ ઇ સ ૧૭૩૦ મા વડોદરામા ગાદી કરી આ પિલાજીને દિલ્હીના સુબાએ ડાકોરમાં માર્યો

પછી દીલ્હીથી મોમીનખા ગુજરાતનો સુબો થઇ આવ્યો જુના સુબાએ એને વહીવટ સોંપ્યો નહિ તેથી પિલાજીના દીકરા દામાજીની મદદથી એણે અમદાવાદ કબજે કર્યું આ વખતથી અમદાવાદમા ગાયકવાડનો અડધો ભાગ થયો આ મોમીનખાના વશજો હજી પણ ખભાતમા રાજ્ય કરે છે મરાઠા રાજાઓની સલાહથી દામાજીએ કાઠિઆવાડના રાજાઓ પાસેથી ચોથ ઉઘરાવવા માડી પછી જુવામર્દખા ગુજરાતનો સુબો થઇ આવ્યો મરેઠાઓએ એને નવ મહાલની જાગીર આપી એની પાસેથી અમદાવાદ લઈ લીધુ આ જુવામર્દખાનો વશ હજી જુનાગઢ રાધનપુર ને વાડાસીનોરમા રાજ્ય કરે છે

પાછળથી ગાયકવાડે મરાઠા સરકાર પાસેથી ગુજરાતનો ભાગ વરસે પાચ લાખ રૂપીઆ આપવાના ઠરાવી ઇજારે લીધો.

વાર્તા ૨ ગાયકવાડનો અમલ.

દામાજી પછી ગોવિંદરાવ ગાયકવાડ થયો એની પછી આનંદરાવ ગાદીએ બેઠો. એના અમલમા અંગ્રેજી સૈન્ય વડોદરામા દાખલ થયુ ગાયકવાડે એના પગાર પેટે ધોળકા પરગણુ અંગ્રેજોને સોપ્યુ. આ વખત

સુધી ગાયકવાડનુ સૈન્ય દર વરસે કાઠિઆવાડને મહીકાઠામા ખડણી ઉઘરાવતુ હવેથી એ રિવાજ બધ કરી અગ્રેજ સરકાર ગાયકવાડને ખડણી ઉઘરાવી આપે એમ ઠર્યુ એથી કરી ગાયકવાડી સૈન્યના ત્રાસમાંથી પ્રજા બચી ગઇ પણ એથી બીજા રાજાઓ ઉપરનુ ગાયકવાડનુ ઉપરિપણુ મટી ગયુ ને તે અગ્રેજ સરકારના તાબેદાર બન્યા

ત્યાર પછી મલ્હારરાવ વડોદરાનો રાજા થયો એ રૈયતને બહુ પીડતો અગ્રેજ સરકારની તાકીદ છતા તે સુધર્યો નહિ એથી કરી રાજ્ય કરવાને તે લાયક નથી એમ ઠરાવી તેને મદ્રાસમા કેદ કર્યો

ત્યાર પછી ખડેરાવની વીધવા જમનાબાઇએ હાલના મહારાજા સયાજીરાવને દત્તક લીધા એ રાજાએ પોતાના રાજ્યમા ઘણા સુધારા કર્યા છે પ્રજાને મફત ને ફરજિઆત કેળવણી આપવાનુ પ્રથમ માન એમણે મેળવ્યુ છે

વાર્તા ૩ પ્રજાની સ્થિતિ

આરભમા મરેઠા લોકોની લૂટફાટને લીધે પ્રજા ઘણી પીડાતી. જમીન રસાળ હોવાથી પાક પુષ્કળ થતો પણ મરાઠાઓ તે લૂટી જતા આ બધો વખત લડાઇ તો રોજની થઈ પડેલી એટલે પ્રજા ખેતીવાડી, વેપાર રોજગાર, હુન્નર ઉદ્યોગ કે વિદ્યા કળામા શી રીતે આગળ વધી શકે ?

મારે તેની તરવાર ને ભોગવે તેનુ રાજ્ય એવો આ વખત હોવાથી નાના નાના ઘણા રાજ્ય સ્થપાયા. તેમા મોરબી, ધ્રાગધ્રા, જુનાગઢ ને વાડાસીનોર એ મુખ્ય છે ભાવનગર ને પોરબદર એ બે મોટા શહેર પણ આ વખતમા વસ્યા.

આજ સુધી રાજ્ય કારભારમા નાગરો આગળ પડતો ભાગ લેતા. પણ આ કાળમા ચરોતરના પાટીદારો પણ ભાગ લેતા થયા પાદરાના

દયા ભાઈએ પિલાજીને મદદ કરેલી નડીયાદના બાપુજી દેસાઈ મરેઠા સરદારના કારભારી બનેલા અને વસોના દેસાઈ ભાઈ પટેલે કાંઈ લોકોને વશ કરી ઠમાને રાય સાહેબની જાગીર ખરીદી લીધેલી

આ વખતમા સ્વામીનારાયણનો પંથ દાખલ થયો ઘણા પાટીદારો એ પંથમા ભળ્યા તેથી એમની નીતિ સુધરી ડાકોરમા રણછોડજીનુ દેવળ પણ આ સમયમા બંધાયુ પ્રીતમ ને દયારામ એ આ વખતના મુખ્ય ભક્ત કવિઓ થયા છે



ભાગ ૭ મો.

વાર્તા ૧ કંપનિ સરકાર.

આપણે પાછળ જોયુ તેમ અગ્રેજ લોકોની એક મડળી પહેલ વહેલી સુરત શહેરે વેપાર કરવા આવી પાદશાહની પરવાનગીથી તેણે આ દેશમા વેપાર કરવા માડયો તે વખત લોઢાનો સામાન, સીસુ ને સોનુ રૂપુ વિલાયતથી અહી આવતુ અહીથી જાત જાતના સુતરાઉ ને રેશમી કાપડ, કીનખાબ, મશરૂ ગળી ને કસબ વિલાયત ને બીજા દેશોમા જતા આ વખત વિલાયતમા કાપડ વણાતુ ન હતુ તેમનો કાપડનો સઘળો આધાર આપણા દેશ પર હતો

પાછળથી ત્યા વરાળયત્રની શોધ થઇ અને તેના બળે મિલો નીકળી એટલે કાપડ વણાવા લાગ્યુ એ વખતથી આપણા દેશનો કાપડ વણવાનો ધધો ધીમે ધીમે નાશ પામવા લાગ્યો કાપડની સાથેજ રેશમના વણાટનો, ગળીના રગાટનો, નકસી કોતરવાનો અને વહાણો બાધવાનો ધધો પણ નાશ પામ્યો

વેપારની સાથે ધીમે ધીમે કપનિ સરકારે રાજ્ય કારભારમા પણ હાથ ઘાલ્યો આપણે પાછળ જોયુ તેમ ઈ સ ૧૮૦૦ મા તેમણે સુરતનુ રાજ્ય લીધુ પછી ગાયકવાડ પાસેથી મુલક મેળવી ઈ સ ૧૮૨૦ મા આખા ગુજરાત ઉપર તેમણે ઉપરીપણુ મેળવ્યુ

વાર્તા ૨ રાજ્ય વ્યવસ્થા

કપનિ સરકારે પહેલ વહેલા પ્રાચીન પરગણા તોડી નાખી નવા તાલુકાને જિલ્લા ઠરાવી મામલતદારો ને કલેકટરોની નીમણુકો કરી. ઈ સ.

૧૮૩૫ મા જમીનની માપણી કરાવી ખેતરના નબર ને મહેસુલ નક્કી કર્યા પછી કાયદા ઘડાયા ને અદાલતો સ્થાપન થઇ. એથી દેશમા શાંતિ પ્રસરી અને પ્રજા પોતાને સુખી માનવા લાગી.

આ વખતે મુબઇ બદર થવાથી સુરતનો વેપાર તૂટયો સુરત, અમદાવાદ ને કચ્છ કાઠિઆવાડના ઘણા લોકો ધધા માટે મુબઇ જઈ રહ્યા.

ઇ સ ૧૮૨૬ થી સરકારે ગુજરાતી નિશાળો કાઢી પછી અગ્રેજી કેળવણી પણ શરૂ થઇ અંગ્રેજી કેળવણી વધવાથી મુબઇ અમદાવાદ ને સુરતમા વર્તમાનપત્રો નીકળવા માડયા એ વખતથી આપણા રીત રીવાજોમા સુધારો કરવાનો પવન ફુકાવા માડયો

પછી આગબોટો નીકળી ઇ સ ૧૮૫૦ મા મુબઇમા એક પારસી ગૃહસ્થે કાપડ વણવાની મિલ કાઢી પછી અમદાવાદ ને સુરતમા મિલો થઇ દેશના ઘણા ભાગમા આગગાડીનો વહેવાર પણ શરૂ થયો ઇ સ ૧૮૫૮ મા કપનિની સત્તા ગઇ

વાર્તા ૩ વિલાયતના રાજાઓનો અમલ.

કપનિ સરકાર પાસેથી બધો રાજ્ય વહીવટ વિલાયતનાં મહારાણી શ્રી વિક્ટોરિઆના હાથમા ગયો એમના અમલમા રાજ્ય વ્યવસ્થામા સારા સુધારા થયા. નર્મદાશકરે અને દલપતરામે કવિતાઓ કરી લોકોમાં સારી જાગૃતિ આણી. પ્રસિદ્ધ દાદાભાઇ વિલાયતની રાજ્યસભામા બિરાજ્યા. સ્વામી દયાનદે પણ સુધારાનો ઉપદેશ કરવા માડયો. ઇ. સ. ૧૯૦૦ મા છપનીઓ દુકાળ પડયો તે વખતે રાજ્ય તરફથી ગરીબ લોકોને મદદ મળી

ઇ સ. ૧૯૦૧ મા મહારાણીશ્રીના મરણ પછી તેમના દીકરા સાતમા એડવર્ડ રાજા થયા એમના અમલમાં અમદાવાદમાં હિંદી મહા-

સભા મળી એને અગે દેશી કારીગરીનુ પ્રદર્શન થયુ ઇ સ ૧૯૧૦ મા તે મરણ પામ્યા એટલે મહારાજા પાચમા જ્યોર્જ ગાદીએ આવ્યા

ઇ. સ ૧૯૧૪ મા યુરોપમા લડાઈ ચાલી તે વખતે કેપ્ટન જોરાવર સિહજીની સરદારી નીચે ઘણા ગુજરાતી રજપૂતોએ અગ્રેજ સરકારને ભાગે મદદ આપી આ પછી કેટલાક કારણોથી રાજાને પ્રજા વચ્ચે કડવાશ ઉત્પન્ન થઇ

પૂના અ

ઇ સ ૧૯૧૮ મા સરકાર એક કાયદો ઘડયો. તેને કાઢી નખાવવાની તજવીજમા સરકારે મહાત્મા ગાધીજીને પકડયા એથી ગુજરાતના કેટલાક ભાગોમા લોકોએ તોફાન કર્યા

ઇ સ ૧૯૨૦ મા અમદાવાદ ખાતે ગુજરાતની એક સભા મળી તેણે સરકાર સાથેનો પ્રજાનો સબધ તોડી નાખવાનો ઠરાવ કર્યો એ પછી સ્વદેશીની ચળવળ શરૂ થઇ ઇ સ ૧૯૨૧ મા મહાત્મા ગાધીજીએ અમદાવાદમા વિદ્યાપીઠ સ્થાપી અને ત્યા હિદી મહાસભા ભરાઇ એને અગે એક સુદર પ્રદર્શન પણ ભરાયુ ઈ સ ૧૯૨૨ મા સરકારે મહાત્મા ગાધીજીને પકડી છ વરસની કેદની સજા કરી × એમને છોડવવા ને રાજ્ય વહીવટમા સુધારો કરાવવા દેશના કેટલાક આગેવાનો અત્યારે ભારે ચળવળ ચલાવી રહ્યા છે

× બે વરસ કેદ ભોગવ્યા પછી મહાત્માજી માંદા પડયા એટલે સરકારે તેમની બાકીની સજા માફ કરી છૂટા કીધા કર્તા.
